Wednesday 07, October 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૨૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

### સમગ્ર શિક્ષક જગતમાં શોકનું મોજું, વ્યાપક ચર્ચા

# નિલોશી પ્રા. શાળાના આચાર્યએ ફાંસો ખાઈ આત્મહત્યા કરતાં ચકચાર

**ગળે ફાંસો ખાતા પહેલાં મૃતક આચાર્યએ સ્યુસાઈડ નોટમાં લખ્યું, 'એક પછી એક કામગીરીનું ભારણ સહન ન થયું. શાળાનું કામ, ચૂંટણીનું કામ સતતત હેરાન થવાથી મેં આ નિર્યણ કર્યો'**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા. ૦૬ : કપરાડા તાલુકાના દીવસી ગામે નીલોશી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શંકરભાઈ લાછીયાભાઈ જાદવ (ઉં.વ. ૫૩)નો મૃતદેહ ૬ ઓક્ટોબરના રોજ ખેતરમાં આવેલા ઝૂંપડામાંથી મળી આવતાં ચકચાર મચી હતી. ઘટનાની જાણ થતાં કપરાડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, શંકરભાઈ સવારે પોતાના ખેતરે ગયા હતા. ત્યારબાદ તેઓ શાળાએ ન પહોંચતા તેમની પત્ની કાંતાબેન તેમને શોધવા માટે ખેતરે ગયા હતા. ત્યાં ઝૂંપડામાં શંકરભાઈ ગંભીર હાલતમાં મળી આવ્યા હતા. પરિવારજનો દ્વારા તેમને તાત્કાલિક કપરાડા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

પોલીસ તપાસ દરમિયાન શંકરભાઈના ખિસ્સામાંથી એક ચિઠ્ઠી મળી આવી હોવાનું જાણવા મળ્યું છે. ચિઠ્ઠીમાં ઓનલાઈન કામગીરી અને ચૂંટણી સંબંધિત કામગીરીના ભારણ તથા માનસિક તણાવ અંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. સાથે જ બાળકોના અભ્યાસ અંગે પણ સંદેશ લખાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

પરિવારજનો દ્વારા મોત અંગે કોઈ શંકા વ્યક્ત કરવામાં આવી નથી. હાલ કપરાડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી



ચિઠ્ઠી સહિતના મુદ્દાઓને આધારે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસ પૂર્ણ થયા બાદ ઘટનાની હકીકત વધુ સ્પષ્ટ થશે.

# સરોધીગામે ૧૪ કલાકથી વીજળી ડુલ થતાં ગ્રામજનોમાં આક્રોશ

**ડુંગરી ૬૬ કેવી સબ સ્ટેશન પર હોબાળો**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** વલસાડ તાલુકાના સરોણ, સરોધી અને કુંડી સહિતના ગામોમાં સતત ૧૪ કલાક સુધી વીજ પુરવઠો ખોરવાઈ જતાં સ્થાનિક લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વીજ કંપની દ્વારા સવારે ૮:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી વીજકાપ રહેવાનો મેસેજ આપવામાં આવ્યો હતો, પરંતુ સાંજે ૬ વાગ્યા પછી પણ વીજળી પૂર્વવત થઈ નહોતી. વારંવાર સમય બદલાવા છતાં રાત્રે ૧૦:૩૦ વાગ્યા સુધી વીજ પુરવઠો ચાલુ ન થતાં રોષે ભરાયેલા ગ્રામજનો મોડી રાત્રે ડુંગરી સ્થિત ૬૬ કેવી સબ સ્ટેશન પર પહોંચ્યા હતા અને ઉગ્ર હોબાળો મચાવ્યો હતો. લાંબા વીજકાપના કારણે ગ્રામજનોને પીવાના અને વપરાશના પાણી માટે ભારે હાલાકી ભોગવવી પડી હતી. વીજળી ન હોવાથી વોટર મોટર ન ચાલતાં પાણીનું સંકટ ઊભું થયું હતું, જ્યારે નાના બાળકો અને વૃદ્ધોને આખી રાત અસહ્ય ગરમી અને બફારામાં વિતાવવી પડી હતી. સબ સ્ટેશન પર એકઠા થયેલા લોકોએ જવાબ માગતાં ફરજ પરના અધિકારીઓ તરફથી કોઈ સંતોષકારક ખુલાસો મળ્યો નહોતો અને ઉપર લેવલે વાત કરી લઈશું જેવા ગોળ-ગોળ જવાબો આપવામાં આવતાં લોકોનો રોષ વધુ ભડક્યો હતો. વીજ કંપનીના અધિકારીના જણાવ્યા અનુસાર, સબ સ્ટેશનમાં ટેકનિકલ કામગીરી ચાલુ હોવાને કારણે વીજ પુરવઠો ખોરવાયો હતો. ગ્રામજનોના ભારે વિરોધ અને હોબાળા બાદ આખરે મોડી રાત્રે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### વલસાડ ડિસ્ટીકટ સેન્ટ્રલ કો.ઓપ.બેંકમાં ગેરરીતી!

# ગણદેવીમાં બેંકના પૂર્વ મેનેજર સામે રૂ.૬૯.૪૯ લાખની ઉચાપતની ફરિયાદ

**હેડ ઓફિસના ખાતામાંથી નાણાં ઉપાડી ગ્રાહકોના ખાતામાં ઉધારી ખોટાં વાઉચરો બનાવી ઉચાપત કરી હોવાની બેંકના આઈ.ટી. વિભાગે પોલીસ ફરિયાદ નોંધાવી**

(દમાણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા. ૦૬ :** ગણદેવી સ્થિત ધી વલસાડ ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ બેંકની શાખાના પૂર્વ મેનેજર, સંજય જાની સામે ગણદેવી અને ખારા અબ્રામાની શાખામાં ફરજ કાળ દરમિયાન કુલ રૂ.૮૩.૭૬ લાખની ઉચાપત અને ગેરરીતિની પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

પોલીસ સૂત્રોના દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આરોપી સંજય રસિકલાલ જાની (મૂળ રહે.મહેસાણા અને હાલ રહે. મુક્તાનંદએપાર્ટમેન્ટ નુતન સોસાયટી, નવસારી.) બેન્ક મેનેજર તરીકે પોતાની ફરજ કાળમાં સત્તાનો દુરુપયોગ કરીને બેન્ક હેડ ઓફિસના, બેન્ક ખાતામાંથી ખોટી રીતે રકમ ઉપાડી હતી. અને અન્ય ગ્રાહકોનાખાતામાં તેમની જાણ બહાર જમા કરીને ખોટા ઉધાર વાઉચરો બનાવી ઉચાપત કરી હતી.ત્યાર પછી બેંકનાં રેકોર્ડ સાથે છેડછાડ કરીને ગ્રાહકોને રકમ જમા કરાવ્યાના પુરાવા ઊભા કર્યા હતા. ફરિયાદમાં જણાવ્યા મુજબ, તા.૦૪/૧૨/૧૭ થી ૧૧/૧૧/૨૦૨૧ દરમિયાન મેનેજરે હેડ ઓફિસના ખાતામાંથી તેમની બેન્કનાં ગ્રાહકોનાં અલગ-અલગ ખાતાઓમાં રકમ ઉધારી હતી.જેનો કુલ રૂ.૮૩.૭૬ લાખની રકમ પોતાના અંગત ઉપયોગ માટે ઉચાપત કરી હતી. બેંક નાં ધ્યાનમાં આ, મામલો આવતા બેન્કએ રકમ જમા કરાવવા દબાણ વધારતા આરોપી મેનેજરે અલગ-અલગ તારીખે મળીને કુલ રૂ.૧૪.૨૭ લાખ જમા કરાવ્યા હતા.

પરંતુ બાકી રૂ.૬૯.૪૯ લાખ જમા નહીં કરાવવાની બેન્ક દ્વારા ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલે બેંકના રેકોર્ડ, ગ્રાહકો ના ખાતા તથા વાઉચરોની તપાસમાં મામલો બહાર આવ્યો હતો. આ, અંગે, બેન્કનાં આઇ.ટી.વિભાગ તરફથી ગણદેવી પોલીસમાં પૂર્વ મેનેજર સંજય જાની સામે ઉચાપત અને ગેરરીતિની ફરીયાદ નોંધાવી હતી.પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાપીમાં કોંગ્રેસ અધૂરા આરઓબી પ્રશ્ને શ્રાદ્ધ કરશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વાપીમાં નવા બની રહેલા રેલવે પ્રોજેક્ટની કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાના આક્ષેપ સાથે વાપી શહેર કોંગ્રેસ દ્વારા અનોખા વિરોધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રાદ્ધ પક્ષ દરમિયાન કોંગ્રેસ દ્વારા રેલવેની કામગીરીને લઈને પ્રતિકાત્મક રીતે પિતૃ પૂજન શ્રાદ્ધ કાર્યક્રમ યોજવામાં આવશે.

આ કાર્યક્રમ તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના બુધવારના રોજ સવારે ૧૧ કલાકે વાપીના ઝંડા ચોક ખાતે યોજાશે. આ અંગે વાપી શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ મહેશભાઈ શાહ દ્વારા આ ચાલી રહેલી રેલવેની નવી કામગીરી ધીમી અને નહિવત દેખાઈ રહી છે, જેના વિરોધમાં આ પ્રતિકાત્મક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વાપી શહેર કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમમાં જોડાશે.

# પારડી સાંઢપોરમાં તલાટીએ જાહેરમાં કચરો ફેંકી ભાગતા ઝડપ્યા

**સ્થળ પર રૂા. ૧૦૦ નો દંડ, બીજીવાર ૨૦૦ અને ત્રીજી વાર ૫૦૦નો દંડ વસૂલાશે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** એક તરફ સરકાર દ્વારા રાજ્યભરમાં સ્વચ્છતા અભિયાનને વેગવંતુ બનાવવામાં આવી રહ્યું છે, જેના ભાગરૂપે વલસાડ નજીક આવેલી પારડી સાંઢપોર ગ્રામ પંચાયતના સરપંચ ધર્મેશ ઉર્ફે ભોલાભાઈ પટેલ દ્વારા ગામમાં સઘન સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. ત્યારે બીજી તરફ કેટલાક બેજવાબદાર નાગરિકો દ્વારા જાહેરમાં ગંદકી ફેલાવવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. વલસાડના પારડી સાંઢપોર ગામના કૈલાસ રોડ પર સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓ પોતાના ઘરનો એંઠવાડ અને ગંદો કચરો પ્લાસ્ટિકની થેલીઓમાં ભરીને ખુલ્લા રોડ પર ફેંકી જતા હોવાનું સામે આવ્યું હતું. આ ગેરશિસ્ત સામે ગ્રામ પંચાયતે કડક વલણ અખત્યાર કર્યું છે.

આજ રોજ કૈલાસ રોડ પર ચાલુ વાહને કે ગાડીમાંથી જાહેરમાં કચરો ફેંકીને ભાગી રહેલા લોકોને પારડી સાંઢપોર ગ્રામ પંચાયતના તલાટી દ્વારા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. તલાટીએ કચરો ફેંકનારાઓના ફોટા પાડી પુરાવા એકત્ર કર્યા હતા અને સ્થળ પર જ જાહેરમાં ગંદકી કરવા બદલ ૧૦૦નો દંડ ફટકાર્યો હતો. પંચાયત પ્રશાસને આ મામલે કડક સૂચના આપતાં જણાવ્યું છે કે, નિયમનો ભંગ કરનારાઓ સામે હવે સતત નજર રાખવામાં આવશે. જો કોઈ વ્યક્તિ બીજી વાર જાહેરમાં કચરો ફેંકતા પકડાશે તો તેની પાસેથી ૨૦૦ અને ત્રીજી વાર પકડાશે તો ૫૦૦નો દંડ વસૂલ કરવામાં આવશે. ગ્રામ પંચાયતની આ કડક કાર્યવાહીથી જાહેરમાં કચરો ફેંકનારાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. સરપંચ અને તલાટીએ ગામને સ્વચ્છ અને સુંદર રાખવા માટે તમામ ગ્રામજનોને સહકાર આપવા અપીલ કરી છે.

# ભીનારમાં ઘરઆંગણેથી દિપડો ૩ વર્ષના બાળકને ઉઠાવી ગયો

**ઘરથી થોડે દૂર બાળક ઝાડી-ઝાંખરમાંથી ગંભીર હાલતમાં મળ્યોઃ હોસ્પિટલમાં તબીબે મૃત જાહેર કર્યો**







પ્રતિકાત્મક તસવીર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૦૬ :** ભીનાર ગામના કુંભાર ફળિયામાં રાત્રે ૮:૩૦ વાગ્યે ઘરઆંગણેથી ત્રણ વર્ષના માસૂમ બાળકને દીપડો ઉઠાવી ગયો હતો. બાળકને ઘરથી થોડે દૂર ખેતર અને ઝાડી-ઝાંખરમાંથી ગંભીર હાલતમાં શોધી કાઢવામાં આવ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેને વાંસદા કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબે તપાસ બાદ મૃત જાહેર કર્યો હતો.

બીજી અને ગંભીર ઘટના રાત્રે ૮:૩૦ વાગ્યે ભીનાર ગામના કુંભાર ફળિયામાં બની હતી. મૂળ ચીખલી તાલુકાના ગોડથલ ગામના રહેવાસી આરવ પટેલ તેની માતા સાથે ભીનાર ગામના કુંભાર ફળિયામાં આવ્યા હતા. આરવના પિતા જમીનમાં ઉતરતા પાણી માટે બોરિંગના કામકાજ અર્થે હાલ રાજ્ય બહાર હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ, આરવની માતા મિત્તલબેન અરુણભાઈ પટેલે ત્રણ વર્ષના બાળકને ઘર નજીક ફળિયામાં કુદરતી હાજત માટે બેસાડ્યો હતો. બાળકને બેસાડ્યા બાદ મિત્તલબેન સફાઈ માટે થોડે દૂર ગયા હતા. તેઓ પરત ફરી રહ્યા હતા તે દરમિયાન તેમની નજર સામે જ દીપડાએ અચાનક તરાપ મારી બાળકને ગળામાં પકડી લીધું હતું અને ત્યાંથી નાસી ગયો હતો.

મિત્તલબેને બૂમાબૂમ કરતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સરપંચ સહિત પોલીસ અને ફોરેસ્ટ વિભાગની ટીમો તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. બનાવની જાણ થતાં ભીનાર તથા આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો પણ એકત્ર થયા હતા.

ફોરેસ્ટ વિભાગની ટીમો અને ગ્રામજનો દ્વારા બાળકની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. સ્થળની આસપાસ સર્ચ દરમિયાન ઘરથી થોડે દૂર ખેતર તથા ઝાડી-ઝાંખરમાંથી બાળક ગંભીર હાલતમાં મળી આવ્યું હતું. તેને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વાંસદા કોટેજ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. હોસ્પિટલમાં તબીબોએ તપાસ કર્યા બાદ બાળકને મૃત જાહેર કર્યો હતો.

બાળકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને પગલે ફોરેસ્ટ વિભાગે રાત્રિ દરમિયાન અલગ-અલગ પાંચ ટીમો બનાવી દીપડાને શોધવા અને પાંજરે પૂરવા માટે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જોકે સવાર સુધીમાં દીપડાનો કોઈ પત્તો લાગ્યો ન હતો.

ઘટનાની ગંભીરતાને પગલે પોલીસ અધિકારીઓ, ફોરેસ્ટ વિભાગના ઉચ્ચ અધિકારીઓ તથા રાજકીય આગેવાનો પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અધિકારીઓએ સ્થળની તપાસ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## રૂપવેલમાં પણ દિપડાનો હુમલો

રૂપવેલ ગામના રાયવાડી વિસ્તારમાં સોમવારે રાત્રે આશરે ૮ વાગ્યે બાઈક સવાર ઉપર દીપડાએ અચાનક હુમલો કરવાની ઘટના બની હતી. એક બાઇકસવાર રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે દીપડાએ અચાનક તેના પર હુમલો કર્યો હતો. બનાવથી બાઇકસવાર ગભરાઈ ગયો હતો અને બૂમાબૂમ થતાં દીપડો ત્યાંથી નાસી ગયો હતો. હુમલામાં બાઇકસવારને હાથ સહિત શરીરના અન્ય ભાગે સામાન્ય ઈજાઓ થઈ હતી. જોકે તેનો બચાવ થયો હતો.

ઇન્ડસ્ટ્રીયલ ગાળો ભાડે આપવાનો છે
પ્રમુખ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ દાદરા ગ્રાઉન્ડ ફ્લોર
3000 સ્ક્વેર ફૂટ, ફસ્ટ ફ્લોર 3000 સ્ક્વેર ફૂટ,
સેકન્ડ ફ્લોર સેડ 3000 સ્ક્વેર ફુટ
95+50 HP power
Contact - 9377041324 / 9408451455

દમણગંગા ટાઈમ્સ
દમણગંગા ટાઈમ્સનું ઈ-પેપર વાંચવા અને ડાઉનલોડ કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)
unleash your true potential
LIFE LONG LEARNING
ADMISSIONS OPEN
Academic Session
2026-2027
Nursery to Std. 10
12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount
Till 31st March
FREE Textbooks
From Nursery to Std 10
Special Concession
On Admission Fees
Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10
Admission forms available All working days
At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

નેમિનાથ ટ્રેડર્સ
ખીલા વાયર વેલ્ડમેશ
ખીલી હુક જાળી નટબોલ્ટ
ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી
Mo. No. 9825190301 /
સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

गांधी जयंति के अवसर पे
खादी पे 30 % और
सील्क, वोलेन पे 20 % की छुट
"खादी तन की शान है, सत्य मन की पहचान है;
मेहनत मेरा धर्म है, भारत मेरी जान है।"
02-10-2026 to 02-11-2026
100 % NATURAL
HANDMADE
SUPPORT INDIAN ARTISANS
GANDHI ASHRAM
KHADI
ONE BRAND FOR NATURE | PURE | INDIAN | SUSTAINABLE
Mob. No. 9998517995
G-3, Ground Floor, Shopper Stop, Imran Nagar, Silvassa Road, Vapi, Gujarat - 396 191

# ગણદેવી પંથકમાં ૧૫માં નાણાં પંચના કામોમાં બોર્ડ ભ્રષ્ટાચાર

## ફોટો સેશન પત્યા બાદ બોર્ડ પ્લેન કરી પુનઃઉપયોગનો ખેલ!




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૬ :** ગણદેવી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૧૫માં નાણાં પંચ હેઠળ થતાં વિકાસકામોમાં ભારે ગેરરીતિ અને ભ્રષ્ટાચારની ચોંકાવનારી વિગતો સામે આવી છે. સરકારી નિયમાનુસાર કોઈપણ સરકારી કામ પૂર્ણ થયા બાદ તેની પારદર્શિતા જળવાય તે માટે સ્થળ પર વિગતો દર્શાવતું કાયમી બોર્ડ લગાવવું ફરજિયાત હોય છે. જોકે, ગણદેવી પંથકમાં કોન્ટ્રાક્ટરો દ્વારા માત્ર સરકારી રેકોર્ડ પર 'ફોટો સેશન' કરવા પૂરતું જ બોર્ડ મૂકવામાં આવે છે અને ત્યાર બાદ તરત જ તે બોર્ડને ફરીથી કલર કરી પ્લેન બનાવી દેવામાં આવે છે, જેથી અન્ય નવા કામની વિગતો લખીને તે જ બોર્ડનો પુનઃઉપયોગ કરી શકાય! સ્થાનિક રહીશોમાં ઉઠેલા આક્રોશ મુજબ, માત્ર રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ જેવા મામૂલી ખર્ચે બનતા લોખંડના બોર્ડમાં પણ જો આ હદે ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય, તો લાખો રૂપિયાના વિકાસકામોની ગુણવત્તા કેટલી પોકળ હશે તે મોટો સવાલ છે. પંચાયતના જવાબદાર અધિકારીઓ અને ગ્રામ્ય સ્તરના પદાધિકારીઓની મીઠી નજર હેઠળ આ ગોરખધંધો ચાલતો હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. જાગૃત નાગરિકો દ્વારા ગણદેવી તાલુકા પંચાયતના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ માંગણી કરવામાં આવી રહી છે કે, આવા રી-યુઝ કરાયેલા બોર્ડની તાકીદે સ્થળ તપાસ કરવામાં આવે અને ભ્રષ્ટાચાર આચરનારા કોન્ટ્રાક્ટરો તેમજ તેમાં સંડોવાયેલા સ્થાનિક અધિકારી/પદાધિકારીઓ સામે તાત્કાલિક કારણદર્શક નોટિસ ફટકારી કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

# વાંસદાના સિણધઈમાં નકલી પ્લાનથી ૧૨૮ પ્લોટ વેચનાર સામે ફરિયાદ

**વાંસદા, તા.૦૬ :** વાંસદા તાલુકાના સીણધઈ ગામે આવેલા જુના બ્લોક નં.૨૬૯/૧ વાળી જમીનમાં મૂળ ૧૦૦ પ્લોટ માટે જ બિનખેતી અને બાંધકામની સરકારી મંજૂરી મેળવવામાં આવી હતી. આમ છતાં, જમીન માલિક ભાવિકભાઈ રવિભાઈ પટેલે સરકારી કચેરીમાં નગર નિયોજકના મંજૂર થયેલા પ્લાનને બદલે ભળતો (ડુપ્લીકેટ) લે-આઉટ પ્લાન રજૂ કરી, ૭/૧૨ રેકોર્ડમાં ૧૨૮ પ્લોટ દાખલ કરાવીને તેનું ગેરકાયદેસર વેચાણ કરી દીધું હતું. સોસાયટીના રહીશોની રજૂઆત બાદ નવસારી કલેક્ટરની સુનાવણી દરમ્યાન ધ્યાને આવતાં, કલેક્ટર દ્વારા એફ.આઈ.આર. દાખલ કરવાનો હુકમ કરવામાં આવેલ. આ બાબતે આઈ.એલ.આર. વાંસદા દ્વારા વાંસદા પોલીસ સ્ટેશન ખાતે ભાવિકભાઈ રવિભાઈ પટેલ વિરુધ્ધ FIR દાખલ કરાવવામાં આવેલ છે.

આમ સરકારી રેકર્ડ સાથે ચેડાં અને સરકારી અધિકારીઓને ગેરમાર્ગે દોરી ગેરકાયદેસરનું કામ કરાવવાનું કૃત્ય ચલાવી લેવામાં આવશે નહી. જો આ પ્રકારની કોઈપણ ઘટના ધ્યાને આવશે તો તેઓની સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

# ખેરગામ તાલુકા નિવૃત્ત કર્મચારી સેવા મંડળની રચના કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ખેરગામ, તા.૦૬ :** ખેરગામ તાલુકામાં સરકારી અર્ધસરકારી સેવા માંથી નિવૃત્ત થયેલા કર્મચારી અધિકારીનો ખાસ મિલન સમારંભ ખેરગામ તાલુકો બન્યાને ૧૨ વર્ષ પછી જનતા માધ્યમિક શાળાના સાંસ્કૃતિક ખંડમાં રચના માટે ત્રીજી ઓક્ટોબરે મિલન સમારંભ યોજાયો હતો.




આ સભામાં સારી એવી સંખ્યામાં નિવૃત્તો ભેગા થયા હતાં અને અરવિંદભાઈ ગરાસીયા, લક્ષ્મણભાઈ, બા.વે. આહિરે મંડળ રચના પૂર્વભૂમિકાની વાતચીત કરી ચિતાર આપ્યો હતો અને સર્વાનુમતે ખેરગામ તાલુકા નિવૃત્ત સેવા મંડળ (સૂચિત)ની કામ ચલાઉ રચના કરી નીચે મુજબના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. પ્રમુખ અરવિંદભાઈ નારણભાઈ ગરાસીયા - જામનપાડા, ઉપપ્રમુખ અરવિંદભાઈ નિછાભાઈ પટેલ - ખેરગામ અને ભાણાભાઈ ભીખાભાઈ આહીર - આછવણી, મંત્રી અશ્વિનભાઈ નગીનભાઈ પટેલ સહમંત્રી નરસિંહભાઈ પરસોતભાઈ પટેલ ખેરગામ અને રમેશભાઈ છગનભાઈ આહીર આછવણી, ખજાનચી બાબુભાઈ વેસ્તાભાઈ આહીર - આછવણી, ઓડિટર - લક્ષ્મણભાઈ સુખાભાઈ પટેલ- પણંજ, ખેરગામ તાલુકામાં જે કોઈ નિવૃત્ત કર્મચારી જોડાવા માંગતા હોય તો અ. ગરાસિયા- ૯૭૨૪૩ ૨૨૬૭૦. લક્ષ્મણભાઈ - ૯૫૭૪૫ ૯૯૧૮૫ નો સંપર્ક કરવો.

# ડાંગ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ




**આહવા, તા.૬ :** બાળ સુરક્ષા અને અધિકારોના સુદ્રઢીકરણ માટે ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં આયોગના સચિવ ડી.ડી. કાપડીયા, સભ્ય સર્વે અમૃતાબેન અખિયાં, કમલેશભાઈ રાઠોડ અને ડાંગ જિલ્લા કલેક્ટર એન. ડી. પરમારની પ્રેરક ઉપસ્થિતિમાં આહવા કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજાઈ હતી.

બેઠકમાં આયોગના ચેરમેન ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝન મુજબ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં દરેક બાળક 'સ્વસ્થ, શિક્ષિત અને સુરક્ષિત' બને તે દિશામાં કાર્યો થઈ રહ્યા છે. બાળકોના ઘડતરમાં આંગણવાડીઓની ભૂમિકા મહત્વની છે. જેમાં બાળકોની ૧૦૦ હાજરી અને સંપૂર્ણ પોષણ સુનિ?િત કરવું જરૂરી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, દીકરીઓ આત્મનિર્ભર, સક્ષમ અને માનસિક રીતે મજબૂત બને તેવા પ્રયાસો થવા જોઈએ, જેથી તેઓ પ્રતિકૂળ પરિસ્થિતિનો નીડરતાથી સામનો કરી શકે.

બેઠકને સંબોધતા આયોગના સચિવ ડી.ડી. કાપડીયાએ જણાવ્યું હતું કે, રાજ્યના તમામ જિલ્લાઓને બાળમજૂરી મુક્ત, બાળલગ્ન મુક્ત અને ચાઈલ્ડ ફ્રેન્ડલી ગવર્નન્સ તરફ લઈ જવાનો સરકારનો નિર્ધાર છે. તેમણે ઉમેર્યું કે, તમામ નાગરિકોએ પોતાની ભૂમિકા સમજીને બાળકો માટે સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું જોઈએ.

ડાંગ જિલ્લાની પરિસ્થિતિને ધ્યાને રાખી શાળાઓમાં ભૌતિક સુવિધાઓમા વધારો કરી સીઝનલ હોસ્ટેલમા બાળકો માટે જરૂરી વ્યવસ્થાઓ ઊભી કરવાં, સાથે સ્થળાંતર થતાં વાલીઓનું કાઉન્સેલિંગ કરી બાળકો પ્રત્યે સજાગતા રાખવા જણાવ્યું હતું. ખાસ કરીને જિલ્લામાં બાળ લગ્નો નાબૂદ થાય, તે બાબતે પ્રચાર પ્રસાર સાથે જાગૃતિ કાર્યક્રમો કરવાં, સ્થાનિક ગ્રામજનોમા જાગૃતતા ફેલાવા અધ્યક્ષસ્થાનેથી સૂચના અપાઈ હતી.

### ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં

# ગણદેવી બાર એસો. દ્વારા કોર્ટ બહિષ્કાર કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી, તા.૦૬ :** ગુજરાત સરકાર દ્વારા પ્રસ્તાવિત ગુજરાત ભાડા વિધેયક -૨૦૨૬ની જોગવાઈઓ સામે સમગ્ર વકીલ આલમમાં ભારે રોષ ફેલાયો છે, જેના ભાગરૂપે ગણદેવી બાર એસોસિએશન દ્વારા કોર્ટ કામગીરીથી અલિપ્ત રહી ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. વકીલોના જણાવ્યા અનુસાર, પ્રસ્તાવિત વિધેયકની જોગવાઈઓ પ્રજાહિત અને ન્યાયપ્રણાલી વિરોધી છે, જે સીધી રીતે સામાન્ય નાગરિકોના બંધારણીય અધિકારો અને ન્યાયતંત્રની સ્વાયત્તતા પર તરાપ મારે છે. ભાડા વિવાદોના નિવારણમાં દીવાની અદાલતોની સત્તા અને




પક્ષકારોના કાનૂની અધિકારક્ષેત્રને સુરક્ષિત રાખવાની માગ સાથે વકીલોએ સૂત્રોચ્ચાર કરી એકતા પ્રદર્શિત કરી હતી. એસોસિએશને સ્પષ્ટ ચીમકી આપી છે કે સામાન્ય જનતા અને વકીલ આલમના હિતોને નુકસાન પહોંચાડતી આ નીતિઓ સરકાર તાકીદે પાછી ખેંચે અને જાહેર હિતમાં સંતોષકારક નિર્ણય ન્યાયના પક્ષમાં લેવામાં આવે.

# વાંસદાનાં મહુવાસમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૦૬ :** વાંસદા તાલુકાના મહુવાસ ગામ ખાતે સેવાસેતુનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વાંસદા તાલુકાના મહુવાસ ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહીં કાર્યકમ ભાગ લીધો, સરકારની વિવિધ જનકલ્યાણકારી સેવાઓ અને યોજનાઓનો લાભ ગ્રામ્ય વિસ્તારના વધુમાં વધુ લાભાર્થીઓ સુધી સરળતાથી પહોંચી અને કોઈ પણ લાભાર્થી સરકારી યોજનાના લાભાર્થી વંચિત ન રહે તે હેતુથી સેવા સેતુ રુકાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું આ પ્રસંગે તાલુકા પંચાયત ઉપપ્રમુખ અજય ભાઈ ગામીત, જિલ્લા પંચાયત નવસારીના ચેરમેન કરસનભાઈ પટેલ, સરપંચ મહેશભાઈ ગામીત, ઉપસરપંચ જયેશભાઈ પટેલ, અંબાબારીના સરપંચ નીતુબેન પટેલ, તલાટી સંજયભાઈ પટેલ તથા તાલુકા પંચાયત વાંસદાના સેવાસેતુના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# બીલીમોરા ખાતે ૭૦મી અખિલ ભારતીય SGFI રાજ્યકક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ

**રાજ્યના ૩૫ જિલ્લાની ટીમોના રમતવીરો ભાગ લઈ રહ્યા છે**

**નવસારી, તા.૦૬ :** રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત તથા જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, નવસારીના સંયુક્ત ઉપક્રમે ૭૦મી અખિલ ભારતીય (SGFI) હેન્ડબોલ રાજ્યકક્ષાની સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ બીલીમોરા ખાતે બી.વી.કે. મંડળ સંચાલિત વી.એસ. પટેલ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના રમત મેદાન ખાતે થયો હતો.

તા.૫થી તા.૧૭મી ઓક્ટોબર દરમિયાન યોજાનારી આ પ્રતિષ્ઠિત રાજ્યકક્ષાની સ્પર્ધામાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી કુલ ૩૫ જિલ્લાની ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો છે. સ્પર્ધા દરમિયાન અંડર-૧૭ અને અંડર-૧૯ ભાઈઓ તથા બહેનોના વિવિધ વર્ગોમાં રોમાંચક હેન્ડબોલ મુકાબલાઓ યોજાઈ રહ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા પ્રતિભાશાળી હેન્ડબોલ ખેલાડીઓ દ્વારા મેદાન પર પોતાની રમતકૌશલ્ય, ચપળતા, શિસ્ત અને ખેલદિલીનું ઉત્કૃષ્ટ પ્રદર્શન



કરવામાં આવી રહ્યું છે. સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને જરૂરી આરોગ્યલક્ષી સહાય મળી રહે તે માટે મેદાન ખાતે મેડિકલ ટીમ તેમજ ફિઝિયોથેરાપી ટીમની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

સ્પર્ધાના પ્રારંભ પ્રસંગે જિલ્લા કારોબારી સમિતિના ચેરમેન અમિતાબેન પટેલ, બીલીમોરા નગરપાલિકાના પ્રમુખ મનીષભાઈ પટેલ, બીલીમોરા નગરપાલિકાના ચીફ ઓફિસર સંદીપભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નરેશભાઈ નેમાણી, આતલિયા ગામના ઉપસરપંચ જયેશભાઈ પટેલ, બી.વી.કે. મંડળ સંસ્થાના ટ્રસ્ટીઓ, પ્રાધ્યાપક ડૉ. ભાવેશભાઈ દેવતા તથા સંસ્થાના આચાર્યઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. મહાનુભાવોએ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

# વાંસદાના ભીનારમાં ગ્રા.પં.નું ભૂમિ પૂજન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા.૦૬ :** વાંસદા તાલુકાના ભીનાર ગામે ભીનાર ગ્રામપંચાયતનું ભૂમિ પૂજન આદિવાસી રીત - રીવાજથી કરવામાં આવ્યું હતું. ભૂમિ પૂજન - અનિલભાઈ કે. પટેલ, ધર્મેશ ભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ જીતેન્દ્રભાઈ પટેલ અને ઉપ સરપંચ તરલિકાબેન પટેલ, તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રશાંત પટેલ, તલાટી મંત્રી ઉર્વીશા પટેલ ગામ પંચાયતના તમામ સભ્યોઓ - દૂધ મંડળીના પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ, ઉપપ્રમુખ જગદીશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતાં. ગામના આગેવાનો બાબુભાઈ પટેલ, ગુલાબભાઈ પટેલ,, ડાયાભાઈ પટેલ, જશવંતભાઈ પટેલ, વિજય ભાઈ પટેલ, ધીરુભાઈ પટેલ, નરોત્તમ પટેલ, વીરુભાઈ પટેલ અને દિપકભાઈ પટેલ અને મુકેશભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતાં.


દમણગંગા ટાઇમ્સ

મુખ્ય કાર્યાલય

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com


# આજે ગણદેવીના ઉંડાચમાં આયુષ મેગા કેમ્પ યોજાશે

**નવસારી, તા.૦૬ :** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય તથા નિયામક આયુષની કચેરી, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા વિકાસ અધિકારી નવસારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આયુર્વેદ અધિકારી, આયુર્વેદ શાખા, જિલ્લા પંચાયત નવસારી દ્વારા તા.૦૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ગણદેવી તાલુકાના ઉંડાચ લુહાર ફળિયા સ્થિત જલારામ હોલ ખાતે સવારે ૧૦થી બપોરે ૨ વાગ્યા સુધી આયુષ મેગા કેમ્પ યોજાશે.

કેમ્પમાં આયુર્વેદ અને હોમિયોપેથી પદ્ધતિથી વિવિધ રોગોનું વિનામૂલ્યે નિદાન, સારવાર અને જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

# સુપ્રભાતમ્

## આજનું પંચાગ

**તા.** ૦૭-૧૦-૨૦૨૬, **વાર :** બુધવાર **તિથિ :** ભાદરવો વદ, બારસ, **સૂર્યોદય :** ૦૬ : ૩૭ **સૂર્યાસ્ત** ૦૬ : ૧૭, **ચંદ્રોદય** - ૦૩:૧૩ **ચંદ્રાસ્ત** - ૦૪:૧૫ **ચંદ્ર રાશિ :** સિંહ, **નક્ષત્ર** - મઘા

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આજે મનમાં નવા વિચારો આવશે અને અટકેલા કામને આગળ વધારવાની તક મળશે. નોકરી-વ્યવસાયમાં ઉતાવળ કરતાં વિચારપૂર્વક નિર્ણય લેવો.

**વૃષભ(બ.વ.ઉ) :** આજનો દિવસ સ્થિરતા અને વ્યવહારિક નિર્ણય માટે સારો છે. કાર્યક્ષેત્રે તમારી મહેનતની નોંધ લેવાઈ શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** આજે વાતચીત અને સંપર્કો તમારા માટે લાભદાયક બની શકે છે. નવા કામ અથવા પ્રોજેક્ટની શરૂઆત માટે ઉત્સાહ રહેશે.

**કર્ક(ડ.હ) :** આજે ભાવનાત્મકતા થોડી વધારે રહી શકે છે, તેથી નાની વાતને મન પર ન લેવી. કામમાં જવાબદારી વધે તો પણ ધીરજથી આગળ વધશો.

**સિંહ(મ.ટ.) :** આજે આત્મવિશ્વાસ વધશે અને નેતૃત્વ કરવાની તક મળી શકે છે. તમારી પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે.

**કન્યા(પ.ઠ.ણ.) :** આજે આયોજન અને વ્યવસ્થિત કામ કરવાથી સારો લાભ મળશે. અધૂરાં કામ પૂર્ણ કરવાની તક મળશે.

**તુલા (ર.ત.) :** આજનો દિવસ સંબંધો અને ભાગીદારી માટે અનુકૂળ છે. કાર્યક્ષેત્રે સહકર્મીઓનો સહયોગ મળશે. કોઈ જૂનો સંપર્ક ફરીથી ઉપયોગી બની શકે છે.

**વૃશ્ચિક(ન.ય.) :** આજે ગુપ્ત ચિંતા અથવા કોઈ બાબતને લઈને મનમાં ભાર રહી શકે છે, પરંતુ પરિસ્થિતિ ધીમે ધીમે સુધરશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આજે પ્રગતિ માટે નવા રસ્તા ખુલશે. લાંબા સમયથી વિચારેલું કામ શરૂ કરવાની પ્રેરણા મળશે.

**મકર(જ.ખ) :** આજે જવાબદારીઓ વધુ રહેશે, પરંતુ તમારી મહેનતનું પરિણામ પણ મળશે. કાર્યસ્થળે વરિષ્ઠ વ્યક્તિનો સહયોગ મળી શકે છે. પૈસાની બાબતમાં સ્થિરતા રહેશે.

**કુંભ(ગ.શ.સ.) :** આજે નવી દિશામાં વિચારવાની તક મળશે. ટેકનોલોજી, વેપાર અથવા સર્જનાત્મક કાર્ય સાથે જોડાયેલા લોકોને લાભ થઈ શકે છે.

**મીન(દ.ચ.ઝ.થ.) :** આજે મન શાંત રાખીને નિર્ણય લેવો વધુ યોગ્ય રહેશે. કામમાં ધીમે પરંતુ સતત પ્રગતિ થશે. આર્થિક બાબતમાં જૂનું પેમેન્ટ અથવા લાભ મળવાની શક્યતા છે.

## દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

**બુધવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫ઃ૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

## સુડોકુ નં.૦૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 1 | | 4 | | 3 | |
| | | 6 | | | | 8 | | |
| 4 | | | 2 | | 9 | | | 6 |
| 7 | | 9 | 6 | | 8 | 5 | | 2 |
| | | | | | | | | |
| 8 | | 4 | 3 | | 5 | 7 | | 1 |
| 1 | | | 4 | | 2 | | | 3 |
| | | 7 | | | | 2 | | |
| | 8 | | 5 | | 1 | | 7 | |

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૩નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 2 | 7 | 5 | 9 | 6 | 3 | 6 |
| 6 | 8 | 3 | 2 | 4 | 1 | 7 | 5 | 9 |
| 9 | 7 | 5 | 3 | 8 | 6 | 4 | 1 | 2 |
| 7 | 5 | 4 | 6 | 3 | 8 | 2 | 9 | 1 |
| 8 | 6 | 9 | 5 | 1 | 2 | 3 | 7 | 4 |
| 2 | 3 | 1 | 9 | 7 | 4 | 6 | 8 | 5 |
| 3 | 4 | 7 | 1 | 6 | 5 | 9 | 2 | 8 |
| 5 | 9 | 6 | 8 | 2 | 7 | 1 | 4 | 3 |
| 1 | 2 | 8 | 4 | 9 | 3 | 5 | 6 | 7 |

## ચલા રિંગ રોડ પર ખાડા પુરાયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** શહેરના ચલા વિસ્તારમાં રિંગ રોડ પર પડેલા જોખમી ખાડા આખરે પૂરવામાં આવતા વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે.

ગત જુલાઈ મહિનામાં પડેલા ભારે વરસાદને કારણે અપનાઘર સોસાયટીથી કચીગામ રોડને જોડતા રિંગ રોડ પર ઠેર-ઠેર મોટા અને ઊંડા ખાડા પડી ગયા હતા. જેના કારણે વાહનચાલકોને અવરજવરમાં ભારે હાલાકી પડતી હતી, સાથે જ અકસ્માતનો ભય પણ સતત સતાવતો હતો.

આ અંગે સ્થાનિક ચૂંટાયેલા કાઉન્સિલરો અને સામાજિક આગેવાનો દ્વારા મહાનગરપાલિકા તંત્ર સમક્ષ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. આખરે રજૂઆતને ધ્યાને લઈ મનપા તંત્ર દ્વારા રોડ પરના ખાડા પૂરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ખાડા પૂરાતા હવે વાહનવ્યવહાર સરળ બન્યો છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ તંત્રની આ કામગીરીને આવકારી છે, સાથે જ રોડનું કાયમી સમારકામ કરવામાં આવે તેવી માંગ પણ કરી છે.

## નાનાપોંઢામાં વિશાળ સેવા કળશયાત્રા નિકળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** તા. ૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ નરેન્દ્રભાઈ મોદીએ પ્રથમ વખત ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળ્યો હતો. ત્યારબાદ તા. ૨૬ મે, ૨૦૧૪ના રોજ તેમણે દેશના વડાપ્રધાન તરીકે જવાબદારી સંભાળી હતી. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની તેમની પ્રથમ જવાબદારીથી લઈને દેશના વડાપ્રધાન તરીકેના કાર્યકાળ સુધીના ૨૫ વર્ષના સેવા અને સુશાસનના કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે સમગ્ર ગુજરાતની સાથે વલસાડ જિલ્લામાં પણ 'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વિવિધ સેવાકીય અને લોકભાગીદારીલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ૨૫ વર્ષના સેવા કાર્યની ઉજવણીના મહત્વપૂર્ણ અવસર તરીકે તા. ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ વલસાડ જિલ્લાના નવરચિત નાનાપોંઢા તાલુકા મથકે હેલીપેડ ગ્રાઉન્ડ ખાતે સેવા કળશ યાત્રા ભવ્ય કાર્યક્રમના આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લાભરમાંથી વિશાળ સંખ્યામાં લોકો ઉપસ્થિત રહેશે.

જિલ્લાના પ્રભારી મંત્રી તથા આદિજાતિ વિકાસ, ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં નાનાપોંઢા હેલિપેડથી બિરસા મુંડા સર્કલ સુધી વિશાળ કળશ યાત્રા યોજાશે. આ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાઈ ઉજવણીને લોકોત્સવનું સ્વરૂપ આપશે. આ યાત્રામાં મોટી સંખ્યામાં નાગરિકોને જોડાવા માટે આહવાન કરવામાં આવ્યું છે.

## થ્રીડીમાં પીએમ ઈ-વિદ્યા ડીટીએચ ટીવી ચેનલો માટે ચાર દિવસીય ટ્રેનિંગ વર્કશોપનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૦૬ :** દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ કેન્દ્રશાસિત પ્રદેશોના શિક્ષણ વિભાગ અને સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશનલ ટેકનોલોજી (CIET)-NCERT, ભારત સરકારના શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના સંયુક્ત નેજા હેઠળ, પીએમ ઈ-વિદ્યા DTH ટીવી ચેનલો માટે ચાર દિવસીય ઓરિએન્ટેશન-કમ-ટ્રેનિંગ વર્કશોપ આજે, ૫ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ, દમણના ડિસ્ટ્રિક્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ (DIET) ખાતે શરૂ કરવામાં આવ્યો હતો. આ વર્કશોપ ૮ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી ચાલશે.

ઉદઘાટન સત્રને સંબોધતા, DIET, દમણના પ્રિન્સિપાલ, શ્રી આઈ.વી. પટેલે પીએમ ઈ-વિદ્યા પહેલની પ્રશંસા કરી અને દૂરના ગ્રામીણ વિસ્તારોમાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવામાં ટીવી ચેનલોની ભૂમિકા પર ભાર મૂક્યો. આ કાર્યક્રમમાં, પીએમ ઈ-વિદ્યાના સંયોજક પ્રોફેસર અભય કુમારે પીએમ ઈ-વિદ્યા યોજનાના વિકાસ અને ઈતિહાસ પર પ્રકાશ પાડ્યો. તેમણે જણાવ્યું કે NCERT નિષ્ણાત ટીમ સહભાગીઓને આકર્ષક, રસપ્રદ અને ઉચ્ચ ગુણવત્તાવાળી ઈ-સામગ્રી બનાવવા પર વ્યવહારુ જ્ઞાન પ્રદાન કરી રહી છે. આ તાલીમ વર્કશોપમાં, NCERT, નવી દિલ્હીના વિષય નિષ્ણાતો, સહભાગીઓને ડિજિટલ મીડિયા અને ઈ-સામગ્રી બનાવવા પર વ્યવહારુ તાલીમ આપી રહ્યા છે. કેન્દ્રશાસિત પ્રદેશની વિવિધ શાળાઓના ચાલીસ શિક્ષકો અને પ્રતિનિધિઓ આ વર્કશોપમાં ભાગ લઈ રહ્યા છે. આ ચાર દિવસીય હાથવગી તાલીમ દરમિયાન, સહભાગીઓ ઈ-સામગ્રી બનાવવાની ઝીણવટભરી તાલીમ મેળવી રહ્યા છે, જેમ કે સ્ક્રિપ્ટ લેખન, પ્રી-પ્રોડક્શન, પ્રોડક્શન અને પોસ્ટ-પ્રોડક્શન (વિડિયો શૂટિંગ અને એડિટિંગ), PM ઈ-વિદ્યા મોબાઈલ એપ્લિકેશનનો અસરકારક ઉપયોગ, તાલીમના અંતે, સહભાગીઓ પોતે શૈક્ષણિક વિડિયો સામગ્રી પણ બનાવશે. આ કાર્યક્રમનું સંકલન DIET દમણના લેક્ચરર સાધના ત્રિપાઠી દ્વારા કરવામાં આવી રહ્યું છે.

## વલસાડ કોમર્સ કોલેજના એનએસએસ યુનિટ દ્વારા તિથલ બીચ પર સફાઈ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૬ :** શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડના NSS યુનિટ દ્વારા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત તિથલ બીચ પર સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાનનો મુખ્ય હેતુ સ્વચ્છતા પ્રત્યે જનજાગૃતિ કેળવવી, જાહેર સ્થળોની સ્વચ્છતા જાળવવા અંગે લોકોમાં જવાબદારીની ભાવના વિકસાવવી તેમજ NSSના વિદ્યાર્થીઓમાં સેવા અને સામાજિક જવાબદારીની ભાવના વધુ મજબૂત બનાવવાનો હતો. આ કાર્યક્રમનું આયોજન NSSના પ્રોગ્રામ ઓફિસર એમ. જી. પટેલ, ડૉ. પારસ શેઠ, ડૉ. નીલમબેન ઈટાળીયા અને ડૉ. સાપનાબેન રાવલ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને કોલેજના ઈન્ચાર્જ આચાર્ય વી. આર. ચાંપાનેરીના માર્ગદર્શન અને પ્રેરણાથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ સેવા યજ્ઞમાં આસિસ્ટન્ટ કલેક્ટર ઓફિસર પિયુષભાઈ ગઠાલા તેમજ તેમની ટીમ પણ ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિએ NSS વોલિયન્ટર્સનો ઉત્સાહ વધાર્યો હતો અને વિદ્યાર્થીઓને સમાજસેવા તથા સ્વચ્છતા અંગે વધુ પ્રેરણા મળી હતી.

કાર્યક્રમ દરમિયાન NSS વોલિયન્ટર્સે ઉત્સાહ, શિસ્ત અને સેવાભાવ સાથે કામગીરી કરી હતી. તિથલ બીચ જેવા જાહેર પર્યટન સ્થળને સ્વચ્છ અને સુંદર રાખવા માટે સૌએ સાથે મળીને શ્રમદાન કર્યું હતું.

## બાબરખડકમાં 'આપ' બેઠક મળી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૬ :** આગામી ૨૦૨૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આમ આદમી પાર્ટી દ્વારા સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે વિવિધ વિસ્તારોમાં બેઠકોનો દોર શરૂ કરવામાં આવ્યો છે. જેના ભાગરૂપે નાનાપોંઢા તાલુકાના બાબરખડક ખાતે બૂથ સંગઠન નિર્માણ અભિયાન અંતર્ગત વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮૧-કપરાડા વિધાનસભા બેઠકના પ્રભારી ગુલાબભાઈ પટેલના નેજા હેઠળ યોજાયેલી આ બેઠકમાં બાબરખડક ગામના બૂથ લેવલના આમ આદમી પાર્ટીના સક્રિય સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન આગામી ગ્રામ પંચાયત તથા વિધાનસભાની ચૂંટણીને લઈને સંગઠનાત્મક કામગીરી અંગે ચર્ચા કરવામાં આવી હતી.

બૂથ સ્તરે પાર્ટીના સંગઠનને વધુ સક્રિય અને સુવ્યવસ્થિત બનાવવા માટે કાર્યકરોને વિવિધ જવાબદારીઓ સોંપવા તેમજ સ્થાનિક સ્તરે જનસંપર્ક વધારવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપસ્થિત કાર્યકરોએ સંગઠનને મજબૂત બનાવવા સાથે મળીને કામગીરી કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં આગામી ચૂંટણી માટે ગ્રામ્ય સ્તરે સંગઠનાત્મક માળખું મજબૂત કરવા અને વધુમાં વધુ કાર્યકરોને જોડવા અંગે પણ ચર્ચા થઈ હતી. અંતે ઉપસ્થિત કાર્યકરોએ આગામી ગ્રામ પંચાયત અને વિધાનસભાની ચૂંટણીમાં પાર્ટીની તરફેણમાં જનસંપર્ક તથા સંગઠનાત્મક કામગીરીને વેગ આપવાનો સંકલ્પ લીધો હતો.

## ધરમપુરમાં ખેડૂતોને ૧૦ કલાક ખેતીલક્ષી વીજ પુરવઠો આપવા ધારાસભ્યની સરકારને રજુઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા. ૦૬ :** ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતી ગુજરાત સરકાર દ્વારા ખેતીવાડી વીજ પુરવઠાના સમયમાં વધારો કરીને ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો આપવાનો મહત્વપૂર્ણ ખેડૂતલક્ષી નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારશ્રીના આ નિર્ણયથી રાજ્યના ખેડૂતોને સિંચાઈ માટે વધુ સુવિધા અને રાહત મળવાની છે. જોકે, ધરમપુર વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોને પણ આ નિર્ણયનો સંપૂર્ણ અને નિયમિત લાભ મળે તે માટે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સરકાર સમક્ષ લેખિત રજૂઆત કરી છે. ધરમપુર વિધાનસભા વિસ્તાર મુખ્યત્વે ડુંગરાળ અને આદિવાસી વિસ્તાર છે.

અહીંના ખેડૂતોની ખેતીમાં વરસાદ અને સિંચાઈ બંનેનું વિશેષ મહત્વ છે. ચોમાસા દરમિયાન સારો વરસાદ થયા બાદ પણ વરસાદ બંધ થયા પછી ઉભા પાકને જરૂરી સમયે પાણી મળી રહે તે માટે વીજ આધારિત સિંચાઈ ખેડૂતો માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે.

ડુંગરાળ ભૌગોલિક પરિસ્થિતિને કારણે ધરમપુર વિસ્તારના ખેડૂતો માટે સિંચાઈની વ્યવસ્થા અન્ય વિસ્તારોની સરખામણીએ વધુ પડકારરૂપ છે. આવી સ્થિતિમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા ૧૦ કલાકના નિયમિત ખેતીલક્ષી વીજ પુરવઠાનો લાભ ધરમપુરના ખેડૂતોને મળે તો તેઓ સમયસર સિંચાઈ કરી શકશે, ઉભા પાકને નુકસાનથી બચાવી શકશે તેમજ ખેતીના ઉત્પાદન અને આવકમાં પણ વધારો કરી શકશે.

આ સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સરકારને વિનંતી કરી છે કે ધરમપુર વિધાનસભા મતવિસ્તારના ખેડૂતોને પણ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ૧૦ કલાકના ખેતીલક્ષી વીજ પુરવઠાનો લાભ તાત્કાલિક અને નિયમિત ધોરણે ઉપલબ્ધ કરાવવામાં આવે. ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોના હિતમાં ૧૦ કલાક ખેતીલક્ષી વીજ પુરવઠાનો લેવાયેલો નિર્ણય આવકારદાયક અને ખેડૂતો માટે રાહતરૂપ છે. ધરમપુર જેવા ડુંગરાળ અને આદિવાસી વિસ્તારમાં ખેતીની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારની આ ખેડૂતલક્ષી પહેલનો સંપૂર્ણ લાભ ધરમપુરના ખેડૂતોને પણ સમયસર મળે તે જરૂરી છે.

ધરમપુર વિસ્તારના ખેડૂતોના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે સરકાર સમક્ષ સકારાત્મક અને તાત્કાલિક કાર્યવાહી કરવાની રજુઆત કરી છે.

સરકારની ખેડૂતલક્ષી નીતિઓનો લાભ ધરમપુરના અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારના છેવાડાના ખેડૂત સુધી પહોંચે અને ખેતી સાથે સંકળાયેલા પ્રશ્નોનું સમયસર નિરાકરણ આવે તે માટે ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

## વાપી નગરપંચાયત હાઈ.ની વિદ્યાર્થીની જિલ્લા કક્ષાની વકૃત્વ સ્પર્ધામાં ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** 'વિકસિત ભારત ૨૦૪૭ - મારા સપનાનું ભારત' તથા સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં વાપી નગર પંચાયત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત હાઈસ્કૂલ, વાપીની વિદ્યાર્થીની તેજસ્વી અરવિંદભાઈ ખાંટે ઉત્કૃષ્ટ વક્તૃત્વ રજૂ કરી વલસાડ જિલ્લા કક્ષાની માધ્યમિક વિભાગની સ્પર્ધામાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળા તથા વાપીનું ગૌરવ વધાર્યું છે. તેજસ્વીએ પોતાના વક્તવ્યમાં વિકસિત ભારતના સંકલ્પ, દેશના સર્વાંગી વિકાસ, યુવાનોની ભૂમિકા, શિક્ષણ, સ્વાવલંબન અને રાષ્ટ્રનિર્માણ જેવા વિવિધ મુદ્દાઓને અસરકારક રીતે રજૂ કર્યા હતા. તેની આત્મવિશ્વાસભરી રજૂઆત અને પ્રભાવશાળી વક્તૃત્વથી નિર્ણાયક મંડળ પ્રભાવિત થયું હતું. આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ શાળા પરિવાર દ્વારા તેજસ્વી અરવિંદભાઈ ખાંટને હાર્દિક અભિનંદન અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

તેજસ્વીની આ સિદ્ધિ બદલ શાળાના સંચાલક મંડળ દ્વારા પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓ આવી જ રીતે શાળા, વાપી તથા સમગ્ર જિલ્લાનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.તેજસ્વીની આ સફળતા શાળાની શૈક્ષણિક તથા સહઅભ્યાસિક પ્રવૃત્તિઓની ગૌરવપૂર્ણ સિદ્ધિ બની છે અને અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

## વાપીમાં નિઃશુલ્ક આંખ તપાસ શિબિર યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** વિશ્વ દ્રષ્ટિ દિવસે નિમિત્તે લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગનગર દ્વારા નિઃશુલ્ક આંખની તપાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. લાયન્સ ક્લબ ઓફ વાપી ઉદ્યોગનગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત લાયન્સ આંખ હોસ્પિટલ દ્વારા આ શિબિર યોજાશે. જેમાં આંખની તપાસ, મોતિયાની તપાસ, ચશ્મા વિતરણ, ડાયાબિટિસ તપાસ અને ડાયાબિટિસ રેટીનોપેથીની તપાસ સંપૂર્ણ નિઃશુલ્ક કરવામાં આવશે. જાણીતા નેત્ર સર્જન ડો. ચારુ પી. ચૌહાણ (DOMS Ophthalmologist) સેવા આપશે. આ શિબિર ગુરુવાર, ૮ઓક્ટોબર, સવારે ૧૯થી બપોરે ૨ કલાક સુધી

એફ ૪, પહેલાં મળે સોલીસિટર સ્કવેર એપાર્ટમેન્ટ, સન સિગ્નેચર સામે,હરિયા પાર્ક સેલવાસ રોડ વાપી ખાતે યોજાનાર હોય

વધુ માહિતી માટે પ્રમુખ લાયન પારુલ પરેખ (૦૯૯૨૪૧ ૩૦૧૫૯), સેક્રેટરી લાયન રોહિણી વોરા, ટ્રેઝરર લાયન હિમાંશુ આચાર્ય તથા પ્રોજેક્ટ ચેરપર્સન લાયન પ્રવિણા શાહ (૦૯૮૨૪૧૭૫૦૬૨) અને લાયન હેમલતા મારબલ્લીનો સંપર્ક કરવા જણાવાયું છે.

## સેગવીમાં જિલ્લા કક્ષાની ચિત્ર અને વકતૃત્વ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૦૫ :** વિકસિત ભારત @2047 અંતર્ગત 'મારા સપનાનું ભારત' થીમ સાથે જિલ્લા કક્ષાની ચિત્ર સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના સંયુક્ત ઉપક્રમે સેગવી ની સર્વોદય હાઈસ્કૂલ માં કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલની અધ્યક્ષતામાં યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત જિલ્લા શિક્ષણ સમિતિના અધ્યક્ષ મણિલાલભાઈ ગામીત, જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રીબેન ટંડેલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી. બી. વસાવા, જિલ્લા સંગઠન પ્રમુખ કેયૂરભાઈ, સેગવી ગામના સરપંચ મુકુંદભાઈ પટેલ તથા સેગવી વિભાગ કેળવણી મંડળના પ્રમુખ તન્વીબેન પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ જિલ્લા શિક્ષણ નિરીક્ષક બિપિનભાઈ પટેલ તથા મદદનીશ શિક્ષણ નિરીક્ષક પણ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રીબેન ટંડેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી. બી. વસાવા દ્વારા ઉપસ્થિત મહેમાનોનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. સર્વોદય હાઈસ્કૂલ, સેગવીના આચાર્યા ઉન્નતિ દેસાઈ દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય ભરતભાઈ પટેલ તથા જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલે પ્રાસંગિક ઉદબોધન દ્વારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને પોતાની સર્જનાત્મકતા, કલ્પનાશક્તિ અને વિચારો દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરિત કર્યા હતા.

## વાપીની આર.કે. દેસાઇ કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ સુરભી ચૌધરી પી.એચડી. થયા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** આર.કે. દેસાઈ કોલેજ ઓફ સાયન્સ, વાપીના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ સુરભી ચૌધરીએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી (VNSGU)ના બાયોટેકનોલોજી વિભાગમાંથી "Diversity Study of Skin Mucous Microbiota of Fishes of Gujarat and Explore Their Potential as Biological Agents" વિષય પર પીએચ.ડી.ની પદવી સફળતાપૂર્વક પ્રાપ્ત કરી છે. તેમણે આ સંશોધન કાર્ય ડૉ. અંજલિ સોનીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યું છે.

તેમના આ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિ બદલ કોલેજના કેમ્પસ ડિરેક્ટર ડૉ. મિત્તલ શાહ, ચેરમેન મિલન દેસાઈ તેમજ સમગ્ર અધ્યાપકમંડળે હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## વાપીમાં અગ્રસેન જયંતિની ઉજવણી બાળકોની સ્પર્ધાઓ સાથે શરૂ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** મહારાજા અગ્રસેન જયંતિની ઉજવણી વાપીમાં અગ્રવાલ મહિલા સમિતિ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓ સાથે શરૂ થઈ.

અગ્રસેન ભવનમાં આયોજિત, અગ્રવાલ સમાજના વડા માયા એલ.એન. ગર્ગ, મહિલા સમિતિના વડા કવિતા રામુકા અને ઉપસ્થિત અધિકારીઓએ મહારાજા અગ્રસેનના ચિત્ર સામે દીવો પ્રગટાવીને કાર્યક્રમનું ઉદ્ઘાટન કર્યું. ત્યારબાદ, સમુદાયના બાળકોએ તેમની કલાનું વિવિધ સ્વરૂપોમાં પ્રદર્શન કરીને પુષ્કળ મનોરંજન પૂરું પાડ્યું. યુવાનોએ સમાજ અને તેની વ્યવસ્થા પર ભાષણ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. તેઓએ તેમના શક્તિશાળી વિચારો સાથે સામાજિક જોડાણના મહત્વ પર પ્રકાશ પાડ્યો.

મહિલાઓ માટે, સુશોભન માળા સ્પર્ધા, કૌટુંબિક જ્ઞાન ક્વિઝ અને જૂથ રમતોનો પણ પરિવારના તમામ સભ્યોએ ખૂબ આનંદ માણ્યો. ૧૧ ઓક્ટોબરના રોજ કનુ દેસાઈ છટ્ઠા ઓડિટોરિયમ ખાતે રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે અગ્રસેન જયંતિનું સમાપન થશે, જે અંતર્ગત મહિલા સમિતિના સંકલનમાં મહારાજ અગ્રસેનજીના જીવન પર અનમોલ રત્ન નૃત્ય નાટક, પરિવારના વરિષ્ઠ સભ્યોનું સન્માન, સમાજની તેજસ્વી પ્રતિભાઓનું સન્માન જેવા સામાજિક મુદ્દાઓ પરના કાર્યક્રમો પણ આકર્ષણનું કેન્દ્ર રહેશે.

## સિલ્ધા બેઠકના સભ્ય, સરપંચ અને ગામના વડીલોએ કપરાડા આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૦૬ :** મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે ૨ ઑક્ટોબરના રોજ જિલ્લા પંચાયતની સિલ્ધા બેઠકનાં સભ્ય જશોદાબેન કિરણભાઈ જાદવ, ગામના સરપંચો તથા ગામના વડીલો દ્વારા સામૂહિક રીતે સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC), કપરાડાની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ આરોગ્ય સુવિધાઓ, તબીબી સ્ટાફની સ્થિતિ, દર્દીઓને મળતી સારવાર તથા જરૂરી તબીબી સાધનોની ઉપલબ્ધતા અંગે જાણકારી મેળવવામાં આવી હતી. મુલાકાત દરમિયાન મળેલી -ાથમિક જાણકારી મુજબ, CHC કપરાડામાં તબીબોની અછત તેમજ પૂરતાં તબીબી સાધનો અને ઈક્વિપમેન્ટની ઉપલબ્ધતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.ખાસ કરીને ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારોના લોકોને સમયસર અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે પૂરતા તબીબો, નર્સિંગ સ્ટાફ અને આધુનિક તબીબી સાધનો હોવા અત્યંત જરૂરી છે. જો આરોગ્ય કેન્દ્રમાં જરૂરી સુવિધાઓનો અભાવ હોય તો દર્દીઓને સારવાર મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. દર્દીઓને ૨૪ કલાક જરૂરી આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે. આરોગ્ય કેન્દ્રમાં ઉપલબ્ધ સાધનોની કાર્યક્ષમતા અને જાળવણીની તપાસ કરવામાં આવે. આરોગ્ય કેન્દ્રની સુવિધાઓમાં રહેલી ખામીઓ દૂર કરવા માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવે. મહાત્મા ગાંધીજીની જન્મજયંતી નિમિત્તે આરોગ્ય સેવાઓની વાસ્તવિક સ્થિતિ જાણવાના હેતુથી કરવામાં આવેલી આ મુલાકાત અંતરિયાળ વિસ્તારના નાગરિકોને મળતી આરોગ્ય સુવિધાઓ અંગે મહત્વપૂર્ણ પ્રશ્નો સામે લાવે છે. આરોગ્ય એ દરેક નાગરિકની મૂળભૂત જરૂરિયાત છે. તેથી CHC કપરાડામાં તબીબો અને જરૂરી સાધનોની અછત અંગે સંબંધિત તંત્ર દ્વારા તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં આવે તે જરૂરી છે.

## વાપીના ૯૦ હાજરથી વધુ કર્મચારીઓને સામાજિક સુરક્ષાનો લાભ મળશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૦૬ :** ભારત સરકારની અધિસૂચના જાહેરનામાં તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ મુજબ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન હેઠળની વૈધાનિક પગાર મર્યાદા ૧૫ હજારથી વધારીને ૨૫ હજાર કરવામાં આવી છે. આ નિર્ણય ૧૭ સપ્ટેમ્બરથી જ અમલમાં આવ્યો છે. તેનાથી દેશભરમાં અંદાજે ૫૧ લાખ, જ્યારે વાપી પ્રાદેશિક કચેરીના કાર્યક્ષેત્રમાં અંદાજે ૯૦ હજાર વધારાના કર્મચારીઓને સામાજિક સુરક્ષાનો લાભ મળવાની શક્યતા છે.

પ્રાદેશિક ભવિષ્ય નિધિ કમિશનર-૧ વિજય કુમારે જણાવ્યું હતું કે હવે ૨૫ હજાર સુધીનો પગાર ધરાવતા અને અત્યાર સુધી PFના દાયરામાં ન આવેલા કર્મચારીઓ EPF હેઠળ પાત્ર બનશે. ઉપરાંત ૧૫ હજારથી વધુ પગારને કારણે પેન્શન યોજનાના સભ્ય ન બની શકેલા કર્મચારીઓ પણ પેન્શનના સભ્ય બનવા પાત્ર થશે.

જે કર્મચારીઓનું યોગદાન અત્યાર સુધી ૧૫ હજારની મર્યાદા પર કપાતું હતું, તેમનું યોગદાન હવે ૨૫ હજાર સુધીના વેતન પર થશે. તેનાથી PF ખાતામાં વધુ રકમ જમા થશે અને નિયમ મુજબ વ્યાજ મળશે. પેન્શન યોગદાન વધતા ભવિષ્યમાં પેન્શન લાભ પણ વધશે. EDLI હેઠળ પરિવારને વધારાની સુરક્ષા મળશે.

ઉદાહરણ તરીકે, ૨૦ હજાર પગારદારનું ૧૨ ટકા મુજબ યોગદાન અગાઉ ૧,૮૦૦ થતું હતું, જે હવે ૨,૪૦૦ થશે. એટલે દર મહિને ૬૦૦ વધુ જમા થશે. નોકરીદાતાના ફાળામાં પણ વધારો થશે.

અધિકારીએ સ્પષ્ટતા કરી કે પાત્ર કર્મચારીઓએ અલગથી અરજી કરવાની જરૂર નથી. રજીસ્ટ્રેશન કરાવવું નોકરીદાતાની વૈધાનિક જવાબદારી છે. સપ્ટેમ્બર ૨૦૨૬નું રહ્ય ૧થી ૧૬ અને ૧૭થી ૩૦ સપ્ટેમ્બર એમ બંને સમયગાળા માટે એક જ વખત જમા કરવાની સુવિધા અપાઈ છે.

# દાદરા નગર હવેલીમાં ૮૬ હજાર ૦૭૧ મતદારોના નામ પર ચોકડી : દમણ-દીવમાં ૪૪ હજાર ૧૪૨ નામો પર સફેદો!

**સંઘપ્રદેશ દાદરા નગર હવેલીની સંસદની બેઠક પર ડેલકર પરિવારનું નવ ટર્મ સુધી પ્રભુત્વ : મોહનભાઈ ડેલકરને સંસદની બેઠક અંકે કરવા કોઈ રાજકીય પક્ષના પ્રતિકની અવશ્યકતા જ નહોતી : તેઓનો વિજય નિશ્ચિત જ ગણાતો : મોહન ડેલકરના અવસાન બાદ પેટા ચૂટણીમાં તેમના પત્નીએ સંસદની બેઠક અકબંધ રાખી : વાપીએ ગ્રામપંચાયતથી મહાનગર પાલિકા સુધીની લાંબી સફર કરી છતાં આદર્શનગર જોજનો દુર : વાપીનો દોઢ અબજનો ફોરલેન બ્રીજ વાપીની સમસ્યાઓ માટેનો ખલનાયક**

આપણા દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચૂંટણીપંચ દ્વારા મતદાર યાદીની સુધારણાની પ્રક્રિયા ચાલી રહી છે. ચૂંટણી પંચના સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવીઝન (એસાઅઈઆર) મુજબ દેશના લગભગ ૧૩ કરોડ જેટલા મતદારોની બાદબાકી થઈ ગઈ છે. જે સામે વિરોધ પક્ષોએ ભારે ઉહાપોહ મચાવ્યો છે. તેઓ એવુ દોષારોપણ કરી રહ્યાં છે કે ચૂંટણી પંચ ભાજપનું બગલબચ્ચુ બની ગયેલ છે. અને ભાજપને લાભ થાય એ રીતે મતદારોનો ઘડોલાડવો કરી નાખવામાં આવે છે.

મામલો સર્વોચ્ચ અદાલતના આંગણે પહોચ્યો છે અને સર્વોચ્ચ અદાલતે મુખ્ય ચૂટણી કમિશ્નર જ્ઞાનેશ કુમારને પાણીચુ આપવાની માંગ નકારી છે પરંતુ તેમના રાજીનામાની માંગણીના મુદદા અંગે ચૂંટણી પંચને નોટીસ ફટકારી છે. અને એવીય આશા વ્યકત કરી છે કે દેશની બંધારણીય સંસથાઓ કાયદા અને નિયમો મુજબ જ નિર્ણય લે એ જરુરી છે.

સ્પેશિયલ ઈન્ટેન્સીવ રિવીઝન સંદર્ભમાં ભાજપના અગ્રણીઓના મતે તે અત્યંત આવકાર્ય છે. જયારે વિરોધપક્ષ આને વોટ ચોરીમાં ખપાવે છે.

આશરે ૧૩ કરોડ જેટલાં મતદારોના નામો કબરભેગા થયા એ વાત આખા દેશની છે. પરંતુ આજે આપણે કેન્દ્ર શાસિત દાદરા નગર હવેલી અને દમણની વાત કરીએ તો, દાદરા નગર હવેલીની આખરી મતદારયાદી પ્રમાણે હવે આ સંઘપ્રદેશમાં ૨ લાખ ૩ હજાર ૬૦૧ જેટલાં મતદારો રહ્યાં છે.

અગાઉ આ આંકડો ૨ લાખ ૮૯ હજાર ૬૭૨નો હતો. એટલે કહી શકાય કે દાદરા નગર હવેલીમાં ૮૬૦૭૧ મતદારોના નામો રદ થયા છે. આશરે ૩૦ ટકા.

એ જ રીતે દમણ ઉપર નજર કરીએ તો દમણ-દીવમાં આખરી યાદી મુજબ ૯૨,૨૩૨ મતદારો આજની તારીખે છે. દમણ અને દીવમાં અગાઉ ૧ લાખ ૩૬ હજાર ૩૭૪ મતદારો હતાં. નવી યાવદી પ્રમાણે દમણ-દીવમાં ૪૪૧૪૨ મતદારોના નામ ઉપર સફેદો લાગી ગયો છે.

આપણે સંઘપ્રદેશ દાદરા નગર હવેલીની સંસદની બેઠક બાબત થોડા ભૂતકાળમાં ઉતરીએ તો દાદરા નગર હવેલી ૧૯૫૪માં ફીરંગી એડી હેઠળથી મુકત થયા બાદ છ વર્ષ સુધી તેનો વહીવટ આઝાદ દાદરા નગર હવેલી તરીકે ચાલ્યો હતો. એ પછી સ્થાનિક વરિષ્ઠ પંચાયતે આ પ્રદેશને ભારતમાં ભેળવી દેવાનો ઠરાવ કરતાં કેટલીક કાનૂની પ્રક્રિયા પુરી કરી વર્ષ ૧૯૬૧માં આ પ્રદેશને ભારતનું અવિભાજય અંગ બનાવી દેવાયું.

૧૯૬૧ પહેલાં દાદરા નગર હવેલીને સંસદમાં પ્રતિનિધિત્વ મળ્યુ હતું. સનજીભાઈ રૂપજીભાઈ ડેલકરને સંસદમાં નિયુકત સભ્ય તરીકે ખુરશી મળી હતી.

**દમણગંગાના તીરેથી**



**- પ્રવિણસિંહ પરમાર**
(વરિષ્ઠ પત્રકાર, વાપી)
મો. નં. ૯૮૨૫૧ ૫૦૯૯૯

ભારતમાં ભળી ગયા પછી દાદરા નગર હવેલીમાં સૌ પ્રથમ સંસદની બેઠકની ચૂટણી ૧૯૬૭માં યોજાઈ હતી. સનજીભાઈ રૂપજીભાઈ ડેલકર આ ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉભા હતાં અને ૧૦,૬૫૪ મત મેળવી તેઓ વિજયી થયા હતાં. કુલ મતદાન ૨૧,૨૪૮ નું થયું હતું.

૧૯૭૧ની સંસદની ચૂટણી પણ સનજીભાઈ ડેલકરે જીતી હતી.

એ પછી સનજીભાઈ ડેલકરની બેઠક ૧૯૭૭માં રામુભાઈ રવજીભાઈ પટેલે આચકી લીધી હતી.

છેક ૧૯૮૯માં થયેલી સંસદની બેઠકની ચૂંટણીમાં સનજીભાઈ ડેલકરના પુત્ર મોહનભાઈ ડેલકરે ઝંપલાવ્યુ હતું અને તેઓ અપક્ષ તરીકે ૨૨,૧૮૪ મતથી વિજયી થયા હતાં.

ત્યારબાદ ૧૯૯૧માં મોહનભાઈ ડેલકર કોંગ્રેસની ટિકી પર જીત્યા હતાં. ૧૯૯૬માં પણ મોહનભાઈ ડેલકરે બેઠક અકબંધ રાખી હતી. તેમની વિજયકુચનો આ સિલસિલો ચાલુ જ રહ્યો હતો. ૧૯૯૮માં મોહનભાઈ ડેલકર ભાજપની ટિકીટ પર વિજયી થયા હતાં.

૧૯૯૯માં પણ તેઓ અપક્ષ તરીકે સંસદમાં પહોચ્યા હતાં. વર્ષ ૨૦૦૪માં મોહનભાઈ ડેલકરે અલગ પક્ષ ભારતીય જન શકિત પાર્ટીની રચના કરી સંસદની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું અને ૩૪૬૬૫ મતે વિજયને વર્યા હતાં.

વર્ષ ૨૦૦૯ માં અજેય મનાતા મોહનભાઈ ડેલકરે ભાજપના નટુભાઈ ગમનભાઈ પટેલના હાથે હાર ખમવી પડી હતી.

વર્ષ ૨૦૧૪માં પણ ભાજપના નટુભાઈ પટેલે મોહનભાઈને પરાસ્ત કર્યા હતાં.

વર્ષ ૨૦૧૯ની સંસદની ચૂંટણીમાં મોહનભાઈ ડેલકરે અપક્ષ તરીકે ૧૦ જેટલા ઉમેદવારોને પછાડી જીત મેળવી હતી. ડેલકરે ૯૦ હજાર ૪૨૦ મત મેળવ્યા હતાં.

ત્યારબાદ કમનસીબે મોહનભાઈ ડેલકરે મુંબઈની એક હોટલમાં આત્મહત્યા કરતાં, તા. ૩૦-૧૦-૨૦૨૧ના દિવસે આ સંઘપ્રદેશની સંસદની બેઠકની પેટા ચૂંટણી થતા મોહનભાઈ ડેલકરના ધર્મપત્ની શ્રીમતી કલાબેન ડેલકર શિવસેના ઉમેદવાર તરીકે ઉભા રહી ૧,૧૮,૦૩૫ મતથી વિજયી થયા હતાં.

વર્ષ ૨૦૨૪માં કલાબેન ડેલકર ભાજપના કમળના પ્રતિક પર સંસદીય ચૂંટણી લડયા હતાં અને ૧ લાખ ૨૧ હજાર ૦૭૪ મતે બેઠક અંકે કરી હતી.

દમણ-દીવમાં પણ ૧૯૮૯માં સંસદની બેઠકની પ્રથમ ચૂંટણી થઈ હતી. અને અપક્ષ દેવજીભાઈ ટંડેલ ૧૧ હજાર ૨૨૭ મતથી સંસદમાં પહોચ્યા હતાં.

દમણમાં આજની તારીખે અપક્ષ ઉમેદવાર ઉમેશભાઈ બાબુભાઈ પટેલ દમણ-દીવનું સંસદમાં પ્રતિનિધિત્વ કરે છે. જયારે દાનહ, દમણ અને દીવની એક જ સંસદની બેઠક થશે ત્યારે દાનહ હુકમનો એક્કો બનશે

દાદરા નગર હવેલી અંગે એક વાત નોંધવા જેવી છે અને તે એ કે મોહનભાઈ ડેલકર માટે પ્રદેશના આદિવાસીઓની એટલી ચાહના હતી કે તેઓને સંસદની ચૂંટણી જીતવા કોઈ રાજકીય પક્ષના સિમ્બોલની આવશ્યકતા જ નહોતી. અને એટલે જ સંસદની ચૂંટણીમાં ડેલકર પરિવારનુ વર્ષોથી વર્ચસ્વ રહ્યું છે.

**વાપી આદર્શ નગર કયારે ?**

વાપીની ગ્રામપંચાયતથી માંડી મહાનગરપાલિકા સુધીની ખુબ લાંબી સફર છતાં વાપી સ્માર્ટ સીટી બની શકયુ નથી. મહાનગરપાલિકાની ચૂંટાયેલી બોડીની સ્ટેન્ડીંગ કમિટની અને સામાન્ય સભાની બેઠકો યોજાય છે. બેઠકોમાં વાપીની કાયાપલટ થાય એવા નિર્ણયો લેવાય છે. આ નિર્ણયો બાબત શંકા કરવાનું કોઈ કારણ નથી કેમ કે સ્ટેન્ડીંગ કમિટીના અધ્યક્ષ સતિષભાઈ પટેલ કાર્યદક્ષ વ્યકિત છે. વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશનના પ્રમુખ તરીકે પણ તેમણે બહોળો અનુભવ છે. એટલે એવી આશા તો રાખી શકાય કે બેઠકોમાં થતાં ઠેરાવોનો અમલ ઝડપથી થાય અને વાપીનો વિકાસ થઈ રહ્યાનો નગરજનોને અહેસાસ થાય.

વાપીમાં ધોળો હાથી બની રહેલ ફોરલેન ઓવરબ્રીજ વાપીની પનોતી જેવો બની રહ્યો છે. પૂર્વના ઈમરાનનગરથી પશ્ચિમના ચલા સુધીની લંબાઈ ધરાવતા આ પુલના કામની શરુઆતથી જ તેની કાચબા ગતિ વાપીવાસીઓની હાલાકી બની રહી છે. ખરેખ તો આ પુલનું કામ યુદ્ધના ધોરણે ચાલવુ જોઈએ. વાપીમાં ટ્રાફીકની મોકાણ પણ આ પુલે જ સર્જેલી છે. વાપીમાં જે રીતે ટ્રાફીક બેકાબુ બની રહ્યો છે તે જોતાં વાપીમાં ટ્રાફીક બાબત માસ્ટર પ્લાન બનાવવો જોઈએ પરંતુ તે અંગે કોઈ વિચારતુ જ નથી.

જયા સુધી અતિક્રમણો, ગેરકાયદે પાર્કિંગ, યોગ્ય પહોળાઈના રસ્તાઓનો અભાવ વાપીમાં રહેશે ત્યા સુધી વાપી સ્માર્ટ સીટી કદી નહી બને.

વાપી મહાનગરપાલિકાની નિર્ણયશકિત પર જ વાપીના સર્વાંગી વિકાસનો આધાર છે. પરંતુ વો દિન કહા...?

## ડેલકર પરિવારના સભ્યોએ લગભગ ૯ ટર્મ સુધી દાનહનું સંસદમાં પ્રતિનિધિત્વ કર્યુ!

સંઘપ્રદેશ દાદરા નગર હવેલીમાં ૧૯૬૭માં સંસદની બેઠકની પ્રથમ ચુંટણી થઈ એ પછી સનજીભાઈ રૂપજીભાઈ ડેલકરે બે ટર્મ મોહનભાઈ ડેલકરે પાંચ ટર્મ અને કલાબેન ડેલકરે બે ટર્મ મળી આ પરિવારે નવ ટર્મ સુધી સંસદમાં દાદરા નગર હવેલીની જનતાનો અવાજ બની રહ્યા છે. દાદરા નગર હવેલીમાં ઉભી થનાર સુગર ફેકટરીનો સાંસદ મોહનભાઈ ડેલકરે વિરોધ કરતાં સુગર ફેકટરીનું કામ ઘોંચમાં પડયુ હતુ.

એક પત્રકાર તરીકે અમે સુગર ફેકટરી પ્રદેશના નાના મોટા ખેડૂતોનો ઉધ્ધાર કરે એમ હોવાથી સાંસદ મોહનભાઈ ડેલકરના સહકારી સુગર ફેકટરીની યોજનાના વિરોધ સામે સતત કલમ ચલાવી હતી. જેના કારણે મોહનભાઈ ડેલકર અને અમારો માર્ગ અલગ થઈ ગયો હતો.

આમ છતાં અમે આજે પણ માનીએ છીએ કે મોહનભાઈ ડેલકરની અણધારી ચિર વિદાય ના કારણે દાદરા નગર હવેલીના રાજકીય મંચ ઉપરની સિંહગર્જના હંમેશા માટે વિલય થઈ ગઈ છે.

# હરણાંનું વનમાં રાજ ન હોય, સિંહોનું જ હોય

(ગતાંકથી શરુ)

પરમસુખ, અખંડસુખ, શાશ્વત-સુખ વગેરે શબ્દોના ચક્કરમાં ન આવો. આવું સુખ હોતું જ નથી. આ તો પોપટરટ માત્ર છે. સુખની સાથે દુ:ખ અને શાંતિની સાથે અશાંતિ થોડાથણા પ્રમાણમાં હોય જ છે. બીજાને સુખી કરો અને બીજાને શાંતિ પમાડો આ જ જીવનનું મહાવ્રત છે. મહાભારતમાં જે સ્થાન ભીમને પ્રાપ્ય છે, તે જ સ્થાન સરદાર વલ્લભભાઈ પટેલને આઝાદીની લડાઈમાં અને તે પછીની શાસનવ્યવસ્થામાં પ્રાપ્ય છે. ભીમે હંમેશાં દ્રૌપદી અને પાંડવોને વિપત્તિમાં બચાવ્યાં હતાં અને કોઈ જ મહત્તાની અપેક્ષા રાખી ન હતી. તેવી જ રીતે સરદારસાહેબે દેશને પ્રત્યેક વિપત્તિમાંથી બચાવ્યો હતો. તથા અખંડિતતા અપાવી હતી. આજે જો ભારત કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને જેસલમેરથી નાગાલૅન્ડ સુધી એક હોય તો તેનું એકમાત્ર કારણ સરદાર—સાહેબ જ છે. સરદારસાહેબ જીવનભર ઝઝૂમતા રહ્યા છે. રાણા પ્રતાપની માફક વિરોધીઓ કરતાં પોતાના ગણાતા માણસો સાથે તેમને વધારે ઝઝૂમવું પડયું હતું. સરદાર વાસ્તવવાદી હતા તેથી જે કામ હાથમાં લેતા તે પૂરું કરીને જ જંપતા. તેઓ અતિશય આદર્શવાદી કે કલ્પનાવાદી ન હતા. સરદાર સાહેબ સાથે અંગ્રેજો કરતાં પોતાના જ માણસોએ વધુ અન્યાય કર્યો છે, કરી રહ્યા છે. આઝાદ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી પદના તે પૂરેપૂરા હક્કદાર હતા. ૧૪માંથી ૧૩ કોંગ્રેસ કમિટીઓનું સમર્થન તેમના પક્ષે હતું. પણ મહાત્મા ગાંધીજીના આગ્રહથી તેમની જગ્યાએ પં. નહેરુને પ્રધાનમંત્રી બનાવાયા. આ હળહળતા અન્યાયને શિવજીના વિષકટોરાની માફક તેઓ હસતાં-હસતાં પી ગયા હતાં.

**વાસ્તવિકતા**



**સ્વામી સચ્ચિદાનંદ**

આઝાદી પછી પણ તેમને મોટા નેતાઓ સાથે ઘણા મતભેદો થતા. તેમને સારી રીતે કામ કરવા દેવામાં આવતા નહિ. તેથી તેઓ ત્રાસી જતા. એકાદ-બે વાર તો રાજીનામું આપવા પણ તૈયાર થઈ ગયેલા. તેમણે આંતર બાહ્ય લડાઈઓ એકલે હાથે કરવી પડેલી. હિન્દુઓની આસ્થા અને ગૌરવ સમા. સોમનાથ મહાદેવનો જીર્ણોદ્ધાર કે નવીનીકરણ તેમણે જ કરાવેલું. તે પરમ આસ્તિક હતા. તેમનું આ કામ પં. નહેરુને ગમેલું નહિ. આજે જેટલું કાશ્મીર આપણા હાથમાં છે તેનું શ્રેય માત્ર ને માત્ર સરદારસાહેબને જ અપાય. પાકિસ્તાની આતંકવાદીઓને આપણી સેના જ્યારે પાછા ખદેડી રહી હતી. ત્યારે તેમને પં. નહેરુએ અડધે જ અટકાવી દીધેલી. સરદારસાહેબનો વિરોધ હોવા છતાં તેઓ યુનોમાં ગયા અને કામ બગડી ગયું. હજી સુધર્યું નથી. વધારે જ બગડ્યું છે. જે ઝડપથી અને કુશળતાથી તેમણે ૬૦૦ ઉપરનાં રજવાડાં ભારતમાં ભેળવ્યાં તે જો ન ભેળવાયાં હોત તો ભારતના સેંકડો ટુકડા થઈ ગયા હોત. તો જોધપુર જવા માટે પણ વિઝા લેવા પડત. દેશ કદી પણ સરદારસાહેબના આ મહાન પ્રદાન માટે ઉઋણ નહિ થઈ શકે. તેમનું અવસાન મુંબઈમાં થયું હતું. તેમના ગૌરવ પ્રમાણે તેમને સન્માન અપાયું ન હતું. ખરેખર તો તેમની સમાધિ રાજઘાટ ઉપર થવી જોઈતી હતી. પ્રખર અને કુશળ રાજનેતાના ત્રણે ગુણો તેમનામાં હતાં ૧. મુત્સદ્દીપણું ૨. પરાક્રમ અને ૩. મોરલ. મુત્સદ્દી એવી કે મોટા ભાગનાં રજવાડાં હસતાં-હસતાં ભારતમાં ભળી ગયાં. પરાક્રમ એવું કે આડાં ફાટેલાં નિઝામ, જૂનાગઢ જેવાં કેટલાંક રજવાડાંઓની શાન ઠેકાણે લાવી દીધી. મોરલ એવું કે તેમના ખાતામાં માત્ર ૨૫૦થી પણ ઓછા રૂપિયા જમા હતા. તેમણે પોતાના પરિવારને ન તો મંત્રીપદ આપ્યું, ન એલચી બનાવ્યા, ન રાજ્યપાલ બનાવ્યા. બીજા નેતાઓની માફક તેમણે પરિવારવાદ ચાલવા ન દીધો. પરિવારવાદનો રોગ આજે પણ ભારતને પીડી રહ્યો છે. તેમનું વ્યક્તિગત જીવન અત્યંત સાદું, આડંબર વિનાનું અને સરળ હતું. યુવાન વયે વિધુર થવા છતાં, તેમને કદી પણ કોઈ સ્ત્રીને નજીક આવવા ન દીધી. તેમના વિરોધીઓ પણ આ બાબતમાં તેમને નમન કરે છે. તેમની સેવા તેમની દીકરી કુ. મણિબહેન કરતાં રહ્યાં. દીકરી મણિબહેન કે પુત્ર ડાહ્યાભાઈ માટે કદી પણ તેમણે કોઈ પદની અપેક્ષા ન કરી બલકે તેમને દૂર જ રાખ્યાં જો સરદારસાહેબનો આટલો આદર્શ પણ બીજા નેતાઓએ પાળ્યો હોત તો આ દેશ પરિવારવાદના ભયંકર દૂષણથી બચી ગયો હોત.

તેઓ ડાબેરી ન હતા. કાંઈક અંશે જમણેરી હતા, ડાબેરી નેતાઓએ રશિયા-ચીન સાથે ગાઢ સંબંધો બાંધ્યા અને પછી પસ્તાયા. સરદારસાહેબ આવા સંબંધોના પક્ષમાં ન હતા. વિરોધમાં હતાં.

આમ તો સરદાર સૌના હતાં અને રહેશે, પણ તેમનો જન્મ પટેલ જ્ઞાતિમાં થયો હોવાથી પટેલો માટે તે સવિશેષ ગૌરવમય કહેવાય.

પટેલોનો આઝાદી પહેલાંનો કોઈ ખાસ ઈતિહાસ નથી. બ્રાહ્મણોની માફક ઋષિઓ, આચાર્યો, પંડિતો, સાહિત્યકારો, દાર્શનિકો, જ્યોતિષીઓ, પ્રધાનમંત્રીઓ, યોદ્ધાઓ કે સેનાપતિઓ તેમણે પેદા કર્યા નથી. ક્ષત્રિયોની માફક રાજા—મહારાજાઓ સેનાપતિઓ, યોદ્ધાઓ વગેરે પેદા કર્યા નથી. વણિકોની માફક અનેક નગરશેઠો, દેશ-વિદેશમાં પેઢીઓ કે અર્થતંત્રમાં મહત્ત્વનું યોગદાન આપ્યું દેખાતું નથી. તે માત્ર ને માત્ર વરસાદ આધારિત ખેતી કરનારી પ્રજા હતી. જે ગરીબાઈ અને શોષણમાં કચડાયેલી-દબાયેલી રહેતી. આવું થવાનું કારણ હતું. તેમની પાસે કલમ ત્રાજવાં અને તલવાર ન હતાં. કલમ એટલે શિક્ષણ-વિદ્યા ત્રાજવાં એટલે વ્યાપાર અને ઉદ્યોગ

તલવાર એટલે નિયંત્રણશક્તિ. ઈતિહાસ તલવારની ધારમાંથી નીકળતો હોય છે. વર્ણવ્યવસ્થા અને અહિંસાવાદી ધર્મોએ હિન્દુ-જાના બહુ મોટા વર્ગને શસ્ત્રવિમુખ કર્યો છે.

૨૪. શસ્ત્રવિમુખ થયેલી પ્રજા આપોઆપ શૌર્યવિમુખ થઈ જતી હોય છે. શૌર્યવિમુખ થયેલી પ્રજાનો ઈતિહાસ ન હોય. તે રાજ ન કરી શકે. આ રીતે માત્ર પટેલો જ નહિ. મોટા ભાગની પૂરી હિન્દુ-જા ગુલામી માટે તૈયાર થઈ. હરણાંનું વનમાં રાજ ન હોય. સિંહોનું જ હોય. સરદારસાહેબ પટેલોને ભવ્ય ગૌરવ અપાવ્યું. હાથીના પગમાં જેમ બધાના પગ સમાઈ જાય તેમ સરદારસાહેબ ૬૦૦ ઉપરનાં રજવાડાંના રાજામહારાજા—નવાબોના પણ સમ્રાટ થયા. તેઓ મહાન યુદ્ધનેતા અને સેનાપતિ થયા. જો તેનું ચાલ્યું હોત તો આ દેશ સામ્યવાદ કે સમાજવાદના રવાડે ન ચઢત. તો ભારત બહુ જલદી સમૃદ્ધ દેશ થઈ જાત. એમ કહી શકાય કે સદીઓથી જે કમી પટેલો અનુભવતા હતા તે એક જ સમયે માત્ર એક જ વ્યક્તિએ પૂરી કરી દીધી. તે હતા સરદાર વલ્લભભાઈ પટેલ. **(વધુ આવતા અંક.)**

# ધરમપુરનું DEIC સેરેબ્રલ પાલ્સીગ્રસ્ત બાળકો માટે આશાનું કેન્દ્ર બન્યું

**૨૦૧૫થી ૧૭,૧૪૩ બાળકોને મળ્યો સારવારનો લાભ, ૨,૦૫,૭૧૬ થેરાપી સેશનથી અનેક બાળકોના જીવનમાં સુધારો**

**અદ્યતન રોબોટીક્સ થેરાપી, એક્વા થેરાપી, સ્પીચ થેરાપી, ફિઝિયોથેરાપીથી લઈને વિવિધ સેવાઓ સંપૂર્ણ નિ:શુલ્ક**

(જિજ્ઞેશ સોલંકી દ્વારા)

**વલસાડ, તા. ૦૬ :** દર વર્ષે ૬ ઓક્ટોબરે વિશ્વ સેરેબ્રલ પાલ્સી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસ સેરેબ્રલ પાલ્સી સાથે જીવતા લોકોની ક્ષમતાઓ, અધિકારો અને સિદ્ધિઓને સમાજ સમક્ષ ઉજાગર કરવાનો અવસર છે. સાથે જ, તેમના માટે વધુ સમાવેશી, સુલભ અને સમાન સમાજના નિર્માણ માટે સંકલ્પ કરવાનો દિવસ પણ છે. વલસાડ જિલ્લામાં રાજ્ય સરકાર દ્વારા ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ ખાતે ડિસ્ટ્રિક્ટ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર (DEIC)ની ફાળવણી વર્ષ ૨૦૧૫થી કરવામાં આવી છે. ત્યારથી આજદિન સુધી સેરેબ્રલ પાલ્સીના દર્દીઓને સતત સારવાર અને થેરાપીની સેવા નિ:શુલ્ક આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૧૭૧૪૩ બાળકોને સારવારનો લાભ મળ્યો છે. જે માટે કુલ ૨૦૫૭૧૬ થેરાપી સેશન પણ આપવામાં આવ્યા છે. હાલમાં પણ ૨૫૭ બાળકો નિયમિત સારવાર લઈ રહ્યા છે. આ આંકડા માત્ર સંખ્યા નથી, પરંતુ વર્ષોથી ચાલી રહેલી સેવા, નિષ્ણાતોની મહેનત, દર્દીઓ અને



તેમના પરિવારજનોના વિશ્વાસ તથા સતત સુધારાની આશાની સાક્ષી છે. સેરેબ્રલ પાલ્સી એ એવી ન્યુરોલોજિકલ સ્થિતિ છે, જે મગજના વિકાસ અથવા મગજને થયેલી ઈજાને કારણે શરીરની હલનચલન, સંતુલન પર અસર કરી શકે છે. તેની અસર દરેક વ્યક્તિમાં અલગ-અલગ હોય છે. કોઈ વ્યક્તિને ચાલવામાં મુશ્કેલી પડી શકે, તો કોઈને હાથની હિલચાલ, બોલવામાં અથવા દૈનિક પ્રવૃત્તિઓમાં સહાયની જરૂર પડી શકે. ધરમપુરની શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલના મનોચિકિત્ક ડો. મૈત્રી દેસાઈ જણાવે છે કે, અહીં DEICમાં નવજાત બાળકનું સ્ક્રિનિંગ પણ થાય છે. જેમાં સ્નાયુ, આંખ અને કાનની સાંભળવાની તપાસ પણ થાય છે. બાળક હાઈ રિસ્કમાં જણાય તો તેનું સતત ફોલોઅપ લેવામાં આવે છે. આ સિવાય સુપર સ્પેશિયાલિસ્ટ પીડિયાટ્રિક ન્યુરોલોજિસ્ટ, નેફ્રોલોજિસ્ટ, ઓપ્થેલ્મોલોજિસ્ટ, ઓર્થોપેડિક, હિમેટોલોજિસ્ટ, ઓન્કોલોજિસ્ટ અને એન્ડોક્રાઈનોલોજિસ્ટ પણ નિયમિત આવે છે, જેઓ એકદમ નિ:શુલ્ક સારવાર આપે છે. ઝચ્ત્દ કેન્દ્રમાં જન્મજાત ખોડખાંપણ, દિવ્યાંગતા, સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર, ભાષાકીય અને બૌદ્ધિક વિકાસમાં વિલંબ સહિતની સમસ્યાઓ ધરાવતા બાળકોનું નિદાન અને સારવાર કરવામાં આવે છે. અહીં એદકમ અદ્યતન રોબોરીટક થેરાપી અને એકવા થેરાપી પણ થાય છે જે બીજે ક્યાંક થતી નથી. આ સિવાય સ્પીચ થેરાપી, ફિઝિયોથેરાપી, ઓક્યુપેશનલ થેરાપી, સેન્સરી ઈન્ટિગ્રેશન થેરાપી, વિઝન થેરાપી, સ્પેશિયલ એજ્યુકેશન, બિહેવિયર થેરાપી, ડેન્ટલ એસેસમેન્ટ, આંખ અને કાનની તપાસ તો કરવામાં આવે જ છે. થેરાપી દરમિયાન માતા-પિતાને પણ તાલીમ આપવામાં આવે છે જેથી તેઓ ઘરે રહીને બાળકના વિકાસમાં સહયોગ આપી શકે. અમારો મુખ્ય ઉદ્દેશ બાળકની ક્ષમતામાં વધારો કરી તેને વધુ સ્વાવલંબી બનાવવાનો છે. આ કેન્દ્રમાં અમારી તમામ સેવાઓ સંપૂર્ણપણે નિ:શુલ્ક છે.

વલસાડ અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એચ.પી.સિંઘે જણાવ્યું કે, માતાની ડિલીવરી સમય કરતા વહેલી અથવા મોડી થઈ હોય તેવા કેસમાં બાળકને જન્મ સમયે ગંભીર તકલીફોનો સામનો કરવો પડે છે. બાળક બેસવામાં, ઊભું થવામાં, ચાલવામાં, બોલવામાં અથવા અન્ય વિકાસલક્ષી સોપાનો પ્રાપ્ત કરવામાં વિલંબ કરતું હોય તો તેને સામાન્ય બાબત માની અવગણવી જોઈએ નહીં. વહેલી તકે નિષ્ણાતની સલાહ લઈને યોગ્ય સારવાર શરૂ કરવામાં આવે તો બાળકના વિકાસની શક્યતાઓમાં વધારો થઈ શકે છે. આવા બાળકો અને તેમના પરિવાર માટે ધરમપુર શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનું ઝચ્ત્દ કેન્દ્ર વરદાન સમાન બન્યું છે.

### સેરેબ્રલ પાલ્સી શું છે?

સેરેબ્રલ પાલ્સી એ મગજના વિકાસ દરમિયાન અથવા જન્મ સમયે મગજને થયેલી ઈજાના કારણે થતો ન્યુરોલોજિકલ વિકાર છે. તેના કારણે બાળકનું હલનચલન, સ્નાયુઓનું નિયંત્રણ, સંતુલન અને સંકલન ક્ષમતા પ્રભાવિત થઈ શકે છે. કેટલાક બાળકોમાં બોલવામાં, શીખવામાં અથવા વર્તનમાં પણ મુશ્કેલીઓ જોવા મળે છે. સમયસર નિદાન, ફિઝિયોથેરાપી, સ્પીચ થેરાપી અને અન્ય સહાયક સારવાર દ્વારા બાળકના જીવનમાં નોંધપાત્ર સુધારો શક્ય બને છે.

### મમતા હવે ૩૦ મીનિટ સુધી ઉભી રહી શકે છે

મમતા (નામ બદલ્યુ છે) જ્યારે ૪ વર્ષની હતી ત્યારે તેને પોતાના બળે ઊભા રહેવામાં અને ચાલવામાં મુશ્કેલી હોવાની ફરિયાદ સાથે રાજચંદ્ર હોસ્પિટલના DEICમાં લાવવામાં આવી હતી. તેનું માથું સંભાળવું અને બેસવાનું વિકાસક્રમ મુજબ સામાન્ય સમયગાળામાં થયું હતું. હોસ્પિટલમાં ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપીની સારવાર લીધા બાદ હાલમાં તે પોતાના બળે ૧૦-૧૫ પગલાં ચાલી શકે છે અને ૩૦ મિનિટથી વધુ સમય સુધી સ્વતંત્ર રીતે ઊભી રહી શકે છે.

### પહેલા ઉર્વી ઉભી રહી શકતી ન હતી હવે તે ચાલી પણ શકે છે

ઉર્વી (નામ બદલ્યુ છે) ૭ વર્ષની બાળકી છે અને તેને Spastic Diplegic Cerebral Palsy છે. રાજચંદ્ર હોસ્પિટલના ઝચ્ત્દ માં થેરાપી શરૂ કરતા પહેલાં ઉન્નતિ ક્રોલિંગ કરી શકતી ન હતી, ઊભી રહી શકતી ન હતી અને ચાલી પણ શકતી ન હતી. તેમજ તેની પિન્સર ગ્રિપ નબળી હતી. નિયમિત ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપીના કારણે હવે ક્રોલિંગ કરી શકે છે અને ઓર્થોસિસની મદદથી ઊભી રહી શકે છે. હાલમાં તે લાકડી અને ઓર્થોસિસની મદદથી ચાલી પણ શકે છે અને પેન્સિલ પકડી શકે છે. હવે અન્ય બાળકો અને થેરાપિસ્ટ સાથે વધુ સારી રીતે હળી-મળી શકે છે તેમજ તેમની સાથે વધુ સારી રીતે વાતચીત કરી શકે છે અને પ્રતિભાવ આપી શકે છે.

VAPI PAGE - 5

# પારડી તાલુકા વિશેષ

Wednesday 07, October 2026

● પારડી ● ઉદવાડા ● વાઘછીપા ● પરીયા

આપનું અખબાર : આપનો અવાજ DGT

પ્રેસનોટ, જાહેરખબર, અવસાન નોંધ વગેરે આપવા માટે સંપર્ક કરો : ૯૮૭૯૩૭૪૬૦૫

મુખ્ય કાર્યાલય સંપર્ક : મો. ૯૮૨૫૧ ૨૨૫૦૫ / ઈ-મેઈલ : edior.dgt@gmail.com - damangangatimes.com

## પારડી પંથકમાં નવરાત્રી પર્વની તડામાર તૈયારીઓ શરુ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારડી સહિત તાલુકાના ગામડાઓમાં ૧૧મી ઓક્ટોબરથી શરૂ થનારી નવરાત્રી પર્વની ઉજવણીના ભાગરૂપે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે માતા અંબાના પવિત્ર તહેવાર નવરાત્રી પર્વ નજીક આવી ગયું છે. હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે માથા જગદંબાના ભક્તોએ ઠેર ઠેર નવરાત્રી ઉજવણી માટે અને તૈયારીઓ શરૂ કરી છે. મંડપ બાંધવા માટે ભક્તોએ કામ શરૂ કર્યું છે. ટૂંક સમયમાં નવરાત્રી આવી રહી છે ૧૧મી ઓક્ટોબરથી નવરાત્રી શરૂ થનાર છે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે પારડીના આ સંખ્યા મંડળ શેરી ગરબાની રમઝટ માટે તૈયારીઓ કરી રહ્યા છે તો બીજી તરફ ગામડાઓમાં પણ માતાજીના ગરબે રમવા માટે ભક્તો તૈયાર થઈ રહ્યા છે.

## પારડીમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ કરાયું

દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** રાજ્યમાં પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધે તેમજ પ્રાકૃતિક ખેત પેદાશો શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ થાય તે હેતુથી મહત્વપૂર્ણ રાજ્યવ્યાપી આયોજન અમલમાં મૂકવામાં આવ્યું છેજે અંતર્ગત રાજ્યકક્ષાએથી રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ માનનીય કૃષિ મંત્રીના હસ્તે વેચાણ કેન્દ્રોનું લોકાર્પણ સંપન્ન થયું હતું. આ રાજ્યવ્યાપી પહેલ અન્વયે આજે વલસાડ જિલ્લાના પારડી ખાતે APMC પરિસરમાં પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું લોકાર્પણ સાંસદ ધવલભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વેચાણ કેન્દ્ર કાર્યરત થવાથી આપણા સ્થાનિક ખેડૂત ભાઈ-બહેનોની પ્રાકૃતિક કૃષિ પેદાશોને વધુ વેગ મળશે અને નાગરિકોને શુદ્ધ





ઉત્પાદનો સીધા પ્રાપ્ત થશે પારડીના કોટલાવ ખાતે ખેડૂત તાલીમ કેન્દ્ર પર આયોજિત વિશેષ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા સાંસદધવલભાઈ પટેલ અને અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત ખેડૂત પુત્રો સાથે સંવાદ સાધીને આધુનિક ખેતી પદ્ધતિઓ, પ્રાકૃતિક કૃષિ અને ખેડૂતોના ઉત્કર્ષ માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે વિસ્તૃત ચર્ચા થઈ હતી. આપણા અન્નદાતા આર્થિક રીતે વધુ સદ્ધર અને સમૃદ્ધ બને તે દિશામાં અમારો સતત પ્રયાસ છે બંને સ્થળોએ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ તાલુકા પંચાયતના પ્રમુખ કિન્નરીબેન પટેલ કારવારી અધ્યક્ષ હેમલતાબેન ટંડેલ તાલુકા પંચાયતના સભ્ય કીર્તિબેન ભાવનાબેન વગેરે ઉપસ્થિત રહ્યા હતા. એમની સાથે પારડી શહેર ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી જુબીન દેસાઈ અશોક પ્રજાપતિ પાલિકાના ઉપપ્રમુખ ફાલ્ગુની બેન ભટ્ટ કારોબારી અધ્યક્ષ ચેતન ભંડારી સદસ્ય સિરીશ પટેલ કિરણ પટેલ અનિતા રાય ભૂમિ પારેખ યુવા પ્રમુખ મેહુલ ભરવાડ મહામંત્રી જેનીલ દેસાઈ ઉપપ્રમુખ હાર્દિક પટેલ જાગૃતીબેન દેસાઈ એપીએમસીના ડાયરેક્ટર ચંદ્રકાંત પટેલ જિલ્લા મંત્રી ભાજપના અંકિતભાઈ પટેલ ચાલીશભાઈ ભંડારી પ્રશાંત દેસાઈ વગેરે વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ખેડૂતો અને ગ્રામજનો સાથે તાલુકાના જુદા જુદા વિસ્તારમાંથી આવેલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા પ્રગતિ ખેતી અંગે ડુમલાવના ખેડૂત મોહનભાઈએ જાણકારી આપી હતી. તેઓએ એપીએમસી ખાતે પ્રગતિ ખેતી થી તૈયાર શાકભાજીનો ડેમો કર્યો હતો જે ડેમો ધવલભાઈએ નિહાળી હતો. જિલ્લા ખેડૂત તાલીમ ભવનના અધિકારીઓ કર્મચારીઓ આત્મા પ્રોજેક્ટના અધિકારીઓ કર્મચારીઓ વિશાળ સંખ્યામાં આ કાર્યક્રમમાં જોડાયા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## આમળીમાં સેવાસેતુ કાર્યક્રમ યોજાયો




દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારદર્શી પ્રશાસન માટે પ્રતિબંધ સરકાર પ્રજાને લાગણી માગણી અપેક્ષા પૂર્ણ કરવા સેવા સેતુ ૨.૧ કાર્યક્રમ તાલુકા વહીવટી તંત્ર પારડી દ્વારા પારડી તાલુકાના આમડી ગામમાં યોજવામાં આવ્યો હતો જેમાં મોટી સંખ્યામાં વિવિધ ગામડાઓના પ્રજાજનો આવી પોતાના કામો અંગેની રજૂઆત કરી હતી. જે કામોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો અહીં આમડી ગામમાં વહેલી સવારથી સરપંચ રાધાબેન પટેલ જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલ જિલ્લા પંચાયત સભ્ય નરેશભાઈ પટેલ પૂર્વ ભાજપના પ્રમુખ મહેશભાઈ દેસાઈ તાલુકા ભાજપ મહામંત્રી જીગ્નેશભાઈ મંત્રી ધવલભાઈ દેસાઈ ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ પટેલ હિતેશભાઈ પટેલ પારડીના મામલતદાર કટારીયા સાથે વિવિધ ગામના સરપંચો તાલુકા પંચાયત તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ભેગા થયા હતા.

આધારકાર્ડ રેશનકાર્ડ પ્રોપર્ટી કાર્ડ આરોગ્ય પ્રધાનમંત્રી આવાસ યોજના પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારત યોજના ગ્રામ પંચાયતને લાગતા વિવિધ દાખલાઓ પોલીસને લાગતા પ્રશ્નો આંગણવાડીને લાગતા પ્રશ્નો સાથે અન્ય તમામ લોકોને રજૂઆત મુજબના પ્રશ્નો બેંકના પ્રશ્નો સિંચાઈના પ્રશ્નો વીજળી વિભાગના પ્રશ્નો ના નિકાલ માટેની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વિશાળ સંખ્યામાં લોકો પોતાના પ્રશ્નોના નિકાલ માટે વિવિધ વિભાગોમાં ગયા હતા અને જરૂરી ડોક્યુમેન્ટ લઈને એમના પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ કરવામાં આવ્યો હતો આમડી સહિત વેલ પરવા બાલધા સુખ લાવ વગેરે ગામડાઓના લોકોના સેવા સેતુ ૨.૧ કાર્યક્રમમાં જન સમસ્યાઓનો સ્થળ પર નિકાલ કરવામાં આવ્યો હતો.

## પારડીમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારડી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મિશનઅર્બન અંતર્ગત સરકાર દ્વારા શહેરોમાં VISIBLECLEANLINESS માટે સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવાનું થતું હોય જે મુજબ સફાઈ કર્મચારીઓના સ્વાસ્થને ધ્યાને રાખી મેડિકલ ચેકઅપ કેમ્પનું આયોજન પારડી નગરપાલિકાના ચીફ ઓફિસર કોમલબેન ના માર્ગ દર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

જેમાં તમામ આરોગ્ય શાખાના તેમજ ડ્રેનેજ શાખાના કર્મચારીઓનું ઘણ્દ પારડી ખાતે ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રમુખ ચેતનભાઈ નાયકા, કારોબારી ચેરમેન ચેતનભાઈ ભંડારી,આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ,સેનેટરી ઈસ્પેક્ટર મેહુલભાઈ પરમાર ,સિટી મેનેજર ભૂમિબહેન પટેલ, એમ.આઈ.એસ વિજલબેન લાડ,સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા તેમની ટીમ સાથે અને મેડિકલ સ્ટાફ ડો. ક્રિષ્નાબેન પટેલ, ડો. જાનવી શર્મા તમેજ તેમની ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા અને ડોક્ટર તથા નર્સ બહેનોએ કર્મચારીઓને તપાસ્યા હતા અને જરૂરી દવા આપી હતી.

## ટુકવાડામાં ગ્રામજનો માટે વીમા કવચ કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારડી તાલુકાના ટુકવાડા ગ્રામ પંચાયત અને નિવાસા સોસાયટી વિમલ ગ્રુપના સંયુક્ત ઉપક્રમે ગ્રામજનો માટે રૂ. ૧૫ લાખના અકસ્માત વીમા કવચ માટેના ખાસ પોસ્ટ ઓફિસ વીમા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ દિવસે વિમલ ગ્રુપ દ્વારા લાભાર્થીઓને રૂ. ૩૦૦ ની આર્થિક સહાય આપવામાં આવી હતી આજના આધુનિક યુગમાં ગ્રામીણ નાગરિકોને સુરક્ષા પૂરી પાડવાના આશયથી ટુકવાડા ગામે પોસ્ટ ઓફિસ વીમા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં સરપંચ તેજલબેન દીપેશભાઈ પટેલ, તાલુકા પંચાયત સભ્ય પ્રિયાબેન ડેનીશભાઈ પટેલ, માજી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ તેમજ સમસ્ત પંચાયતના સભ્યો તેમજ માજી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ તથા નિવાસા વિમલ ગ્રુપ ના ભરતભાઈ મણિલાલ શાહ, અશોકભાઈ મણિલાલ શાહ, સંયોજક મિતેશ કનુભાઈ પટેલ, બિપિનભાઈ શાહ, વૈભવીબેન પટેલ, રાગિનીબેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા પોસ્ટ ઓફિસના આ વીમા કેમ્પમાં કુલ રૂા. ૭૫૫ના પ્રીમિયમ સામે રૂા. ૧૫ લાખ સુધીનું અકસ્માત વીમા કવચ પૂરું પાડવામાં આવે છે. કેમ્પના પ્રથમ દિવસે નિવાસા વિમલ ગ્રુપ દ્વારા દરેક વીમાધારકને રૂા. ૩૦૦ની વિશેષ



આર્થિક સહાય આપવામાં આવી હતી. આ વીમામાં આવરી લેવાતા અકસ્માતો જેવા કે કાર અકસ્માત અને બાઈક અકસ્માત, સાપ ડંખ મારવો અથવા દાઝી જવુ, ઠંડા પાણીમાં ડૂબી જવું, કરંટ લાગવો, ઘરમાં પગ લપસીને પડી જવું કે ખાડામાં પડી જવું, આ ઉપરાંત હોસ્પિટલ ખર્ચ અને ફ્રેક્ચર ઓપરેશનમાં પણ નિયમનુસાર આર્થિક લાભ મળે છે. સરપંચ તેજલબેન દીપેશભાઈ પટેલે જણાવ્યું કે આજે અમારા ટુકવાડા ગામમાં પંચાયત અને વિમલ ગ્રુપના સંયુક્ત સહયોગથી આ વીમા કેમ્પ રાખવામાં આવ્યો છે. ૭૫૫ રૂપિયાના આ વીમામાં વર્ષમાં એકવાર રકમ ભરવાની હોય છે, અને વિમલ ગ્રુપ દ્વારા કેમ્પના પ્રથમ દિવસે જેટલા પણ વીમા ઉતરાવશે તેમને રૂા. ૩૦૦ ની સહાય સીધી આપવામાં આવશે. વિમલ ગ્રુપના ભરતભાઈ શાહ એ જણાવ્યું હતું કે ટુકવાડા ગામના ૮૦ ટકા લોકો રોજિંદા રોજગાર કે, કામ અર્થે બાઈક કે વાહન દ્વારા મુસાફરી કરતા હોય છે. આ બાબત ધ્યાનમાં રાખીને અમે સરપંચ અને પંચાયત સાથે મળીને આ કેમ્પનું આયોજન કર્યુંછે, જેથી ગામના નાનામાં નાના વ્યક્તિને પણ અકસ્માત વીમાનું સુરક્ષા કવચ સરળતાથી મળી રહે અને ક્લેમ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે અગ્રણી કાનજીભાઈએ જણાવ્યું હતું કે, આ સરકારની અને વિમલ ગ્રુપના સહયોગથી ખૂબ જ ઉત્તમ યોજના છે. માત્ર નામિનલ ખર્ચમાં આખા વર્ષનો અકસ્માત વીમો મળે છે. જેમાં રોડ અકસ્માતથી લઈને ઘરના સામાન્ય અકસ્માતો કે, હોસ્પિટલની ઈજાઓ સુધીના તમામ કવર મળી જાય છે. ગ્રામજનોએ પોસ્ટ ઓફિસની આ સ્કીમનો બહોળા પ્રમાણમાં લાભ લેવો જોઈએ વલસાડના માર્કેટિંગ એક્ઝિક્યુટિવ શ્યામલ ભોયા એ આ યોજના અંગે માહિતી પૂરી પાડી હતી કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહીને પોતાના વીમા પોલિસી કાર્ડ કઢાવ્યા હતા અને આ ગ્રામીણ કલ્યાણના કાર્ય બદલ પંચાયત તથા વિમલ ગ્રુપનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ઉદવાડા શેઠ પી.પી. મિસ્ત્રી હાઈ.માં શેરી ગરબા સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** લાયન્સ ક્લબ ઓફ ઉદવાડા તેમજ શ્રી ભક્તિમંડળના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ શેરી ગરબા સ્પર્ધાનું અત્રેની શેઠ પી પી મિસ્ત્રી હાઈસ્કૂલ ઉદવાડા ગામના નવનિર્મિત હોલ માં આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કર્યમની શરૂઆત પ્રાર્થના સાથે કરવામાં આવી મંચસ્થ મહાનુભાવનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું અતિથિઓનાં હસ્તે દીપ પ્રાગટ્ય કરી આ સ્પર્ધા ની શરૂઆત કરવામાં આવી જેમાં ૮ ટીમે ભાગ લીધો હતો. એપહલા વનવાસી વિદ્યાર્થીઓએ પોતાનનું આદિવાસી નૃત્ય કર્યું જેને દર્શકોના દિલ જીતી લીધા હતા. સંપૂર્ણ સ્પર્ધા વેલસ્પન કુ તરફથી સ્પોન્સર કરવામાં આવી હતી. અંતે વિજેતાઓને રોકડ પુરસ્કાર તેમજ ટ્રોફી એનાયત કરવામાં આવી તોસાથે સાથે તમામ સ્પર્ધકોને પણ લહાણી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે લાયન્સ ક્લબ તરફથી આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો આજના આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઓફ ઉદવાડાના પ્રમુખ ડો ઉદયપટેલ ઉપસ્થિત રહ્યા હતાં તેમની સાથે લાઈન બિપીનભાઈ અંજનાબેન રામસીંગભાઈ તો ભક્તિ મંડળના પ્રમુખ એહમદ ભાઈ તથા અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. સંસ્થાના ચેરમેન બળવંત ભાઈ તેમજ આચાર્યા એ પોતાની સ્કૂલમાં આ કાર્યક્રમ યોજવા બદલ લાયન્સ ક્લબ તેમજ ભક્તિ મંડળનો આભાર માન્યો હતો કાર્યક્રમનું સંચાલન શૈલેષ કુમાર જરીવાલા એ કર્યુ હતું ઉપસ્થિત સૌનો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

## પારડીમાં ભંડારી જ્ઞાતિ મંડળની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** શ્રી ભંડારી જ્ઞાતિ મંડળની ૭૯મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન થઈ હતી સમાજની માતૃસંસ્થાની વાર્ષિક સાધારણ સભા મંડળના પ્રમુખ ચેતનભાઈ શંકરભાઈ પટેલ તથા વ્યવસ્થાપક કમિટી દ્વારા સાંઈ દર્શન સભાગૃહપારડી ખાતે યોજાઈ હતી.આ સભામાં સભાના પ્રમુખ તરીકે જાણીતા ઉદ્યોગપતિ દીપિનભાઈ અમૃતલાલ જાદવ સેલવાસ, અતિથિ વિશેષ તરીકે સેલવાસ નગરપાલિકા કાઉન્સિલર પ્રતીકકુમાર ડહેલી ગ્રામ પંચાયતના ઉપ પ્રમુખ વૈશાલીબેન તથા ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગપતિ હેમંતભાઈ ખેરગામનાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈથી બુહારી સુધીના વિશાળ સંખ્યામાં પધારેલા સમાજના પેટ્રન સભ્યો આજીવન આમંત્રિત સમાજ સુધારક સભ્યઓ, તમામ મંડળના પ્રમુખઓ, હોદ્દેદારઓ, તેજસ્વી તારલાઓ, સમાજનું ગૌરવ અને સર્વે અગ્રણીઓની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે સ્વાગત ગીત રજુ કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ગત



વર્ષની સાધારણ સભાની મિનિટ્સનું વાંચન કરવામાં આવ્યું હતું અને ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬ નો ઑડિટ રીપોર્ટ સભ્ય કમલેશભાઈએ રજૂ કરી સર્વાનુમતે હિસાબો મંજૂર કરવામાં આવ્યા હતા ત્યારબાદ ઉપસ્થિત સભાના મહેમાનઓ દ્વારા મંડળની સેવાકીય પ્રવૃત્તિઓ બ્લડ ડોનેશન, વૃક્ષારોપણ, વિદ્યાર્થીઓના સેમિનાર, લગ્ન પ્રસંગ, છૂટાછેડાના વિવાદો તેમજ જમીન સંબંધિત તકરારોના નિવારણ બાબતે સમાજે પ્રથમ પ્રયાસ કરી મતભેદનો ઉકેલ લાવવો જોઈએ તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.

સમાજના ગૌરવ સમાન તેજસ્વી તારલાઓ, મંડળના હોદ્દેદારો, કમિટી સભ્યો તથા સેવાકીય આગેવાનઓને દીપિનભાઈ જાદવ તરફથી મોમેન્ટો જાહેર કરી દરેક ને સન્માનીત કરવામાં આવ્યાં હતાં. મંડળના પ્રમુખચેતનભાઈ પટેલે સમાજ સુધારણા અંતર્ગત નવા નિયમોની પહેલ કરવા તથા ટૂંક સમયમાં જમીન ખરીદી સમાજના અદ્યતન નવા હોલના નિર્માણ માટે સમાજના દાતાઓને ઉદાર હાથે દાન આપવા અપીલ કરી હતી.

આ પ્રસંગે મંડળના ટ્રસ્ટીઓ દિલીપભાઈ, નિલેષભાઈ, ગિરીશભાઈ, જગદીશભાઈએ સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. દર વર્ષની જેમ સેવાભાવી બાળાઓ મેસ્વી, સાનવી, માહીની કામગીરીને બિરદાવવામાં આવી હતી સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉપ-પ્રમુખ નેહલભાઈ તથા નિવૃત્ત શિક્ષક અરવિંદભાઈએ કર્યું હતું. અંતે સમગ્ર કાર્યક્રમ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન જાહેર કરવામાં આવ્યો હતો.

## પારડીમાં સફાઈ અભિયાન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** સરકારના સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ અંતર્ગત પારડી કિલ્લા ઉપર સ્વચ્છતા શ્રમદાન એક દિન એક કલાક એક સાથે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જે કાર્યક્રમ દરમિયાન કિલ્લાના વિવિધ સ્થળોની સફાઈ કરવામાં આવી હતી.



આ કાર્યક્રમમાં ચીફ ઓફિસર કોમલબેન ધિન્નેયા પ્રમુખ ચેતનભાઈ નાયકા ઉપપ્રમુખ ફાલ્ગુનીબેન ભટ્ટ કારોબારી ચેરમેન ચેતનભાઈ ભંડારી, આરોગ્ય ચેરમેન કિરણભાઈ પટેલ, બાધકામ ચેરમેન પ્રણવ દેસાઈ, મેઘાબેન ભાવસાર, જાગૃતિબેન શાહ, સેનેટરી ઈસ્પેક્ટર મેહુલભાઈ પરમાર, સિટી મેનેજર ભૂમિબહેન પટેલ, સુપરવાઈઝર પંકજકુમાર ગરણીયા નિવેદિતા પટેલ સ્વચ્છતા માર્શલ સાથે મોટી સંખ્યામાં કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. વહેલી સવારના ભેગા મળી તમામ પાલિકાના હોદ્દેદારો તથા સદસ્યો અને કર્મચારીઓએ કિલ્લા પર સફાઈ કરી સરકારના સ્વચ્છતા અભિયાન કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## પારડી પોલીસ સ્ટેશનમાંથી સાપનું સેસ્કયુ કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારડી પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડમાં અચાનક એક અત્યંત સુંદર અને દુર્લભ ગણાતો સાપ દેખાતા પોલીસ કર્મચારીઓ અને પરિસરમાં હાજર લોકોમાં ભારે કૂતુહલ સાથે ભયનો માહોલ સર્જાયો હતો. પોલીસ સ્ટેશન જેવા વ્યસ્ત સ્થળે સાપ હોવાની જાણ થતાં જ તાત્કાલિક સ્થાનિક જીવદયા પ્રમુખ અલી અન્સારી ફોન કરતા તેના કાર્યકરો યાસીન મુલતાની સંપર્ક કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં જ જીવદયા પ્રેમીઓની ટીમ મિનિટોમાં જ પારડી પોલીસ સ્ટેશન ખાતે દોડી આવી હતી. સાવચેતીપૂર્વક તપાસ કરતા માલૂમ પડ્યું હતું કે, આ બિનઝેરી અને અત્યંત શાંત સ્વભાવનો રૂપસુંદરી Trinket Snake પ્રજાતિનો સાપ છે. તેની સુંદર ત્વચા અને વિશિષ્ટ ભાતને કારણે તેને સ્થાનિક ભાષામાં રૂપસુંદરી તરીકે ઓળખવામાં આવે છે. રેસ્ક્યૂ ટીમે ભારે જહેમત અને કુશળતાપૂર્વક સાપને કોઈ પણ જાતની ઈજા પહોંચાડ્યા વગર સહીસલામત રીતે પકડી પાડ્યો હતો. સાપનું સફળ રેસ્ક્યૂ થતાં જ પોલીસ સ્ટાફ અને ઉપસ્થિત લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો.રેસ્ક્યૂ કરાયેલા આ રૂપસુંદરી સાપનું પ્રાથમિક નિરીક્ષણ કર્યા બાદ, વન વિભાગની મંજૂરી અને માર્ગદર્શન હેઠળ તેને તેના કુદરતી આવાસ એવા નજીકના સુરક્ષિત જંગલ વિસ્તારમાં મુક્ત રિલીઝ કરી દેવામાં આવ્યો છે.

### લાયન્સ ક્લબ ઓફ ઉદવાડા દ્વારા

## ઉદવાડાની ભગીની સમાજ હાઈ.માં ચણિયાચોળીનું વિતરણ કરાયું




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** લાયન્સ ક્લબ ઓફ ઉદવાડા એ ભગિની સમાજ હાઈસ્કૂલને બાર જોડી ચણિયા ચોળીનું વિદ્યાર્થીનીઓને વિતરણ કરવામાં આવ્યું હતું. જે શાળાની વિદ્યાર્થિનીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

આગામી દિવસોમાં જ્યારે સ્કૂલ તરફથી કોઈ કાર્યક્રમનું આયોજન થશે ત્યારે આ ઉપયોગી થઈ શકશે આજના આ વિતરણ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ઉદવાડાના પ્રેસિડેન્ટ ડો. ઉદય પટેલ તેમજ બિપિનભાઈ પટેલ અંજનાબેન પટેલ પૂનમ બેન ખિલોસિયા ઉપસ્થિત રહ્યાં હતા. આચર્યા ચેતના બેન પટેલ અને ટ્રસ્ટી મંડળે ઉદવાડા લાયન્સ ક્લબનો આભાર માન્યો હતો.

## નાના વાઘછીપામાં સેવાસેતુ કાર્યક્રમ સંપન્ન






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૦૬ :** પારદર્શી અને સંવેદનશીલ પ્રશાસનના ધ્યેય સાથે ગુજરાત સરકાર દ્વારા પ્રજાની લાગણી, માંગણી અને અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સેવા સેતુ કાર્યક્રમ ૨.૧ નું આયોજન કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત ડી. પી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ, નાનાવાઘછીપા ગામ ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં આવકનો દાખલો, જાતિનો દાખલો, રેશનકાર્ડ, આધાર કાર્ડ, ફાર્મર રજીસ્ટ્રેશન, આયુષ્માન કાર્ડ સહિતની વિવિધ સરકારી સેવાઓનો લાભ એક જ સ્થળે ગ્રામજનોને આપવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં મોટાવાઘછીપા, પરવાસા, કચવાલ, નાનાવાઘછીપા, નિમખલ, પંચલાઈ, રાબડી, સામરપાડા, સુખેશ સહિતના ગામોના મોટી સંખ્યામાં લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ પ્રસંગે કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ એચ ચૌધરી,પારડી તાલુકા પંચાયત પ્રમુખ કિન્નરીબેન હિતેશભાઈ પટેલ,જિલ્લા પંચાયત કારોબારી અધ્યશ પ્રજ્ઞેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સભ્યનરેશભાઈ પટેલ રવિન્દ્રભાઈ પટેલ,તાલુકા પંચાયત સભ્ય ઉપપ્રમુખ હિરેનભાઈ પટેલ, દક્ષાબેન પટેલ, વિવેકભાઈ પટેલ મહિન્દ્રભાઈ પટેલ, પૂર્વ સંગઠન પ્રમુખ મહેશભાઈ દેસાઈ,સંગઠન મહામંત્રી જીગ્નેશ ઉદવાડીયા હરીશભાઈ પટેલ, મંત્રી ધવલભાઈ દેસાઈ યુવા મોરચા પ્રમુખ રવિભાઈ પટેલ, પ્રાંત અધિકારી પારડી મામલતદાર, ટી.ડી.ઓ સમાવિષ્ટ ગામના સરપંચ ધીરુભાઈ પટેલ હિમાંગીબેન અલ્પેશભાઈ પટેલ સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. ગ્રામજનોએ સરકારના આ અભિગમને આવકારી આભાર વ્યક્ત કર્યો હતો.

દમણગંગા ટાઈમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Wednesday 07, October 2026


## ઊંચા લક્ષ્યાંકો અને ઈરાદા પાયાના સ્તર સુધી પ્રતિબિંબિત થવા જોઇએ

જાપાનના નાગોયામાં સંપન્ન થયેલી એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ડંકો વગાડયો છે. ૨૧ સુવર્ણચંદ્રક સહિત ૮૮ મેડલ સાથે ભારતે ગૌરવભર્યું ચોથું સ્થાન હાંસલ કર્યું છે. ખેલાડીઓના કૌશલથી જીતેલા ચંદ્રકોની ચમક તળે મોટો સવાલ સામે આવતો રહ્યો છે. રમતવીરોને વધુ કાબેલ બનાવવામાં સહાયભૂત થવા રમતગમત ક્ષેત્રે સરકારી ખર્ચમાં વધારો કરવાની જરૂરત પૂર્ણ કરવાનો સમય પાકી ગયો છે. રમતવીરોએ પોતાનું સામર્થ્ય બતાવી આપ્યું. એનો પ્રતિસાદ રમતગમત સંસ્કૃતિ વિકસાવવાનો જ હોઇ શકે. હોકી આપણી રાષ્ટ્રીય રમત છે. મેન્સ-વિમેન્સ બંને ટીમ શાનદાર રમત સાથે સુવર્ણચંદ્રક જીતે એ મોટી વાત છે. એ જ રીતે ક્રિકેટ, કબડ્ડી જેવી ટીમ ઈવેન્ટમાં પણ ગોલ્ડન સફળતા મળી. નિશાનબાજી, બેડમિન્ટન, ટેબલ ટેનિસમાં કે બોક્સિંગમાં ધાર્યો દેખાવ થયો હોત તો પોઇન્ટ ટેબલમાં ભારતનું સ્થાન વધુ ઊંચું હોત. એશિયન ગેમ્સમાં ભારતીય ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવથી દેશ આખામાં અનોખો ઉત્સાહ જાગ્યો છે. આમાં કોઈ શંકા નથી કે, છેલ્લા થોડા વર્ષોથી દેશમાં રમતગમત માટેની વ્યવસ્થા સુધરી રહી હોવાને લીધે ખેલાડીઓને પહેલાંથી વધુ પ્રમાણમાં તાલીમ માટે વધુ સારા માળખાંની ઉપલબ્ધી કરાવાઈ રહી છે. સરકારે રમતગમત માટેના બજેટમાં જે રીતે ફેરફાર કર્યો છે, તેનાથી માળખાકીય સુવિધાઓ સુધરી રહી હોવાના સંકેત મળી રહ્યા છે. વર્ષ ૨૦૨૬માં યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય માટે ૪,૪૭૯.૮૮ કરોડની ફાળવણી કરાઈ છે. જે તેના આગળના વર્ષ કરતાં ૩૩૪૬ કરોડ જેટલી વધુ રહી છે. કેન્દ્ર સરકાર ખેલો ઈન્ડિયા અને રાષ્ટ્રીય ખેલ મહાસંઘોને સહાયતા માટે આગલાં પાંચ વર્ષ દરમ્યાન નોંધપાત્ર પ્રમાણમાં આર્થિક સહયોગની જોગવાઈ કરી છે. સાથોસાથ એશિયન રમતોની તૈયારી માટે ખેલાડીઓને તાલીમ આપવા અને અન્ય સ્પર્ધાઓ માટે ૮૦૦ કરોડથી વધુનો ખર્ચ કરાયો હતો, પણ ભારતની વિશાળ વસ્તી અને યુવાઓમાં રમતગમતમાં આગળ વધવાની પ્રબળ બની રહેલી ઈચ્છાને જોતાં આ રકમ હજી ઓછી જણાય છે. દેશના કરોડો બાળકો અને યુવાનો રમતગમતમાં તાલીમબદ્ધ થાય એ માટે પૂરતાં પ્રમાણમાં મેદાનો, પ્રશિક્ષકો અને સાધન સામગ્રીની સતત ઓછપ વર્તાતી રહી છે. વક્તા એ છે કે, ભારતમાં ક્રિકેટ અને હોકી ઉપરાંત આંગળીના વેઢે ગણી શકાય તેવી રમતોમાં જ ખેલાડીઓ વ્યાવસાયિક ધોરણે આવક મેળવી શકે છે. બાકી રમતો માત્ર શોખ પૂરા કરવા પૂરતી મર્યાદિત રહી જાય છે. ખેલાડીઓને તેમના રસની આ રમતો રમવાથી માંડીને તાલીમ અને સાધનો પાછળ પોતાના ખર્ચે જ વ્યવસ્થા ગોઠવવી પડે છે. આ ઉપરાંત સ્ટાર અને જાણીતા ખેલાડીઓ ઉપરાંત છેક અંતરિયાળ વિસ્તારના રમતવીરોને ઓળખીને તેમને રાષ્ટ્રીય પ્રવાહમાં લાવવા પર હવે વધુ ધ્યાન આપવાની જરૂરત છે. આવી ગુમનામ પ્રતિભાઓને મદદ કરવા હવે ખરા અર્થમાં સરકાર અને સંલગ્ન સંસ્થાઓએ સક્રિય થવાની જરૂરત છે. આનો તાજો દાખલો કુસ્તી અને તિરંદાજ જેવી રમતોમાં સફળ થઈ રહેલા અંતરિયાળ વિસ્તારના ખેલાડીઓનો છે. ઉલ્લેખનીય છે કે, રવિવારે સમાપન થયેલી એશિયન ગેમ્સના આયોજનમાં ભારતે ગઈ ગેમ્સની સરખામણીએ ભલે ઓછા ચંદ્રક મેળવ્યા છે, પણ ગેમ્સમાં ચોથું સ્થાન મેળવીને દેશભરમાં ભારે ઉત્સાહ જગાવ્યો છે. સરકારે લોકોના આ ઉત્સાહને રમતગમતના પ્રચાર-પ્રસાર માટે વાળવા પર હવે ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. ૨૦૩૦માં ભારતમાં ઘરઆંગણે કોમનવેલ્થ ગેમ્સ રમાશે.અમદાવાદ નિશ્ચિત છે. એ પહેલાં પૂરતી તૈયારી કરવી પડશે.




## રોયલ ચેઈન લિમિટેડે આઈપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઈલ કર્યું

**સુરત, તા. ૦૬ :** રોયલ ચેઈન લિમિટેડ (આરસીએલ)એ પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ) દ્વારા રૂ.૧૦,૦૦૦ મિલિયન (રૂ.૧૦૦૦ કરોડ) એકત્ર કરવા માટે સેબીમાં તેનું ડીઆરએચપી ફાઈલ કર્યું છે.આ ઓફરમાં રૂ. ૮,૫૦૦ મિલિયન (રૂ. ૮૫૦ કરોડ) સુધીનો ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ સુરેશ ફુટરમલ જૈન, મનિષ ફુટરમલ જૈન, સેલેસ્ટિયલ ચાર્મ્સ (ભાગીદારી કંપની) અને ફોક્સી લેધર્સ (ભાગીદારી કંપની) દ્વારા રૂ. ૧,૫૦૦ મિલિયન (રૂ. ૧૫૦ કરોડ) સુધીનો ઓફર ફોર સેલ સામેલ છે. આરસીએલ ગોલ્ડ ચેઈન અને જ્વેલરીની એક વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ અને ટેકનોલોજી-આધારિત ઓરિજિનલ ડિઝાઈન મેન્યુફેક્ચરર (ઓડીએમ) છે,જે સમગ્ર વેલ્યુ ચેઈનમાં કાર્યરત છે. આરસીએલ ૧૪, ૧૮ અને ૨૨ કેરેટ વ્હાઈટ, યલોઅને રોઝ ગોલ્ડમાં સોનાની ચેઈન અને જ્વેલરીનું ઉત્પાદન કરે છે.જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ અને ૩૬૦ વન ડબલ્યુએમ લિમિટેડ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર્સ તેમજ એમયુએફજી ઈનટાઈમ પ્રાઈવેટ લિમિટેડ ઓફરના રજિસ્ટ્રાર છે.

## WCLમાં ભારત-પાક. મેચ રદ!

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬

વર્લ્ડ ચેમ્પિયનશિપ ઓફ લિજેન્ડ્સ (WCL)ની ત્રીજી સિઝનમાંથી પાકિસ્તાન ચેમ્પિયન્સે પોતાનું નામ પાછું ખેંચી લીધું છે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) ખેલાડીઓને આ ટૂર્નામેન્ટમાં રમવા માટે જરૂરી નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) આપવાનો ઈનકાર કરી દીધો હતો, જેના પગલે ટીમે સોમવારે આ નિર્ણય લીધો હતો. પાકિસ્તાન ચેમ્પિયન્સના જણાવ્યા અનુસાર, તેઓ બોર્ડના નિર્ણયનું સન્માન કરે છે, પરંતુ વિશ્વકક્ષાની આ ટૂર્નામેન્ટમાં તેમના ખેલાડીઓ રમી શકશે નહીં તે અંગે નિરાશ છે.પાકિસ્તાન ચેમ્પિયન્સના માલિક કામિલ ખાને PCBને આ નિર્ણય પર ફરી વિચાર કરવા વિનંતી કરી હતી. ટીમ અને બોર્ડ વચ્ચે બેઠક પણ યોજાઈ હતી, પરંતુ કોઈ સહમતિ બની શકી નહીં. આ સમગ્ર વિવાદ ગત સિઝન સાથે જોડાયેલો છે. ગત સિઝનમાં રાજકીય તણાવને કારણે ભારત ચેમ્પિયન્સે પાકિસ્તાન ચેમ્પિયન્સ સામે રમવાનો ઈનકાર કર્યો હતો.

# દિલ્હીમાં વિપક્ષનો વિરોધ: રાહુલ- પ્રિયંકા ગાંધી સહિત નેતાઓની અટકાયત




(દમણગંગા ટાઈમ્સ)

**નવી દિલ્હી, તા. ૬ :** મતદાર યાદીના રિવિઝનમાં કથિત અનિયમિતતાઓ અને SIR મુદ્દે વિરોધ દર્શાવવા માટે INDIA બ્લોકના સાંસદોએ મંગળવારે આકાશવાણી ભવન ખાતે લગભગ ૯ કલાક સુધી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિપક્ષના નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ કરી રહ્યા છે.

વિરોધ દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અનેક વિપક્ષી નેતાઓની દિલ્હી પોલીસે અટકાયત કરી હતી. આકાશવાણી ભવનની અંદર રહેલા INDIA બ્લોકના અન્ય નેતાઓને પણ બસોમાં બેસાડી અલગ-અલગ પોલીસ સ્ટેશનો તરફ લઈ જવામાં આવ્યા હતા.

વિરોધ દરમિયાન રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ બેરિકેડ પર ચઢી ગયા હતા અને તેઓ ચૂંટણી પંચના મુખ્યાલય સુધી પહોંચીને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવાની માંગ કરી રહ્યા હતા. વિપક્ષનો આરોપ છે કે મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા પ્રક્રિયા (SIR)માં અનિયમિતતાઓ થઈ છે અને તેને લઈને ચૂંટણી પ્રક્રિયા પર સવાલો ઊભા થયા છે.

અટકાયત કરાયેલા અન્ય નેતાઓમાં અખિલેશ યાદવ, અભિષેક બેનર્જી, કલ્યાણ બેનર્જી, ડેરેક ઓ'બ્રાયન, ઈમરાન મસૂદ, પી. સંતોષ અને એ. રહીમનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ નેતા પવન ખેડા સહિત કેટલાક પક્ષના કાર્યકરો પણ આકાશવાણી ભવન પરિસરમાં હાજર રહ્યા હતા.

આ દરમિયાન રાહુલ ગાંધીએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે વિપક્ષ લોકશાહી બચાવવા માટે લડી રહ્યો છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, RSSના વડા મોહન ભાગવત અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. જોકે, આ આક્ષેપો વિપક્ષના દાવા છે અને તેમની સ્વતંત્ર પુષ્ટિ આ અહેવાલમાં કરવામાં આવી નથી.

વિરોધ પ્રદર્શન બાદ દિલ્હી પોલીસે કાર્યવાહી શરૂ કરી અને આકાશવાણી ભવનની અંદર રહેલા નેતાઓને પણ અટકાયત કરી બસોમાં લઈ જવામાં આવ્યા. ત્ફઝ્ત્ખ બ્લોકના નેતાઓએ મતદાર યાદી અને ચૂંટણી પ્રક્રિયા અંગે પોતાના પ્રશ્નો ઉઠાવવાનું ચાલુ રાખવાની વાત કરી છે.

## હું ભારતની લોકશાહી બચાવવા માટે ઊભો છું ૩૦૦ સાંસદ મારી સાથે :રાહુલ ગાંધી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૬ : દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર વિરુદ્ધ વિપક્ષ દ્વારા મોટો વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યો છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર અને ચૂંટણી પંચ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, "અમે માત્ર તેમનો સામનો જ નથી કરી રહ્યા, અમે તેમનો નાશ પણ કરીશું. ભાજપ શું કહે છે તેમાં મને કોઈ રસ નથી. હું અહીં ભારતની લોકશાહી બચાવવા માટે ઊભો છું."

રાહુલ ગાંધીએ દાવો કર્યો હતો કે થોડા કલાકો પહેલાં જ લોકસભા અને રાજ્યસભાના ૩૦૦ સાંસદો તેમની સાથે આવ્યા હતા અને તેઓ પણ દેશમાં લોકશાહી બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે આક્ષેપ કરતા કહ્યું કે અમિત શાહ, નરેન્દ્ર મોદી, મોહન ભાગવત અને જ્ઞાનેશ કુમારે દેશની લોકશાહી વ્યવસ્થાનો નાશ કર્યો છે અને સમગ્ર દેશ તથા દેશના યુવાનો આ વાત માને છે. તેમણે એમ પણ કહ્યું કે તેમને રોકનારા પોલીસકર્મીઓ પણ આ જ વાત કહી રહ્યા હતા.વધુમાં પ્રહાર કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીએ મતની ચોરી કરીને દેશને હાઈજેક કરી લીધો છે, જેમાં અમિત શાહ અને મોહન ભાગવતે તેને હાઈજેક કર્યો છે અને જ્ઞાનેશ કુમારે તેમને મદદ કરી છે. તેમણે ચેતવણી આપતા કહ્યું કે તે આ વાત ખૂબ વિચારી-સમજીને કહી રહ્યા છે અને આ તમામ લોકો સામે કાર્યવાહી કરવામાં આવશે. નરેન્દ્ર મોદી, અમિત શાહ, જ્ઞાનેશ કુમાર કે મોહન ભાગવત—કોઈ પણ આમાંથી બચી શકશે નહીં અને આપણા દેશ સાથે જે કરવામાં આવ્યું છે તેને દેશદ્રોહ કહેવાય છે.

## SIR-CEC વિરુદ્ધ દિલ્હીમાં ધરણાંથી ભાજપ લાલઘૂમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી તા.૬ : SIR મુદ્દે દિલ્હીમાં રાહુલ ગાંધી સહિત INDIA ગઠબંધનના સાંસદો દ્વારા ચૂંટણી પંચ સામે ભારે વિરોધ કરવામાં આવી રહ્યો છે. વિપક્ષી નેતાઓ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવાની માંગ પર અડગ રહીને આકાશવાણી ભવન પાસે ધરણાં પર બેઠા છે. આ સમગ્ર ઘટનાક્રમ વચ્ચે ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા છે અને દેશની બંધારણીય સંસ્થાઓને બદનામ કરવાનો આરોપ મૂક્યો છે.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ એ કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું કે, 'દેશ હવે બદલાઈ ચૂક્યો છે અને યુવાનોની વિચારસરણી પણ બદલાઈ છે. નવી પેઢી ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત બનાવવાના વિઝન સાથે આગળ વધી રહી છે. આવા સમયે કોંગ્રેસે માત્ર સોશિયલ મીડિયા પર એજન્ડા ચલાવવાને બદલે જમીની સ્તરે જનતા વચ્ચે જઈને કામ કરવું જોઈએ, જેથી તેઓ લોકોનો વિશ્વાસ ફરી જીતી શકે.' તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે, 'વિદેશી શક્તિઓ અને ભારત વિરોધી પરિબળો દેશને નબળો પાડવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે, અને કોંગ્રેસે તેમના આવા નેરેટિવને આગળ વધારવાનું ટાળવું જોઈએ.' વિપક્ષ અને ચૂંટણી પંચ વચ્ચે જ્યારે ઘર્ષણ ચાલી રહ્યું છે, ત્યારે રિજિજુએ સ્પષ્ટ કર્યું કે ચૂંટણી પંચ અને સુપ્રીમ કોર્ટ જેવી સ્વાયત્ત સંસ્થાઓ પર વારંવાર સવાલ ઉઠાવવાથી દેશના લોકતાંત્રિક માળખાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચે છે.બીજી તરફ ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદ એ પણ રાહુલ ગાંધીના આ પ્રદર્શનની આકરી ટીકા કરી હતી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ ફરી બેલેટ પેપર લાવવાની માંગ કરીને સમગ્ર ચૂંટણી વ્યવસ્થા પર પ્રશ્નો ઊભા કરી રહી છે. તેમણે સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો ઉલ્લેખ કરીને જણાવ્યું કે, વિપક્ષે જનતાના જનાદેશ અને ન્યાયતંત્ર તેમજ ચૂંટણી પંચ જેવી તમામ બંધારણીય સંસ્થાઓનું સન્માન કરવું જોઈએ.હાલમાં વિપક્ષી સાંસદોનો વિરોધ યથાવત છે અને રાહુલ ગાંધી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરવા માટે પોતાની માંગ પર અડગ રહ્યા છે. હવે સૌની નજર એ બાબત પર ટકેલી છે કે આ વિરોધ પ્રદર્શન અને મુલાકાતની માંગણી પર ચૂંટણી પંચ તરફથી શું નિર્ણય લેવામાં આવે છે.

## બિહારના સારણમાં પૂરથી ૨૩૬ ગામો પાણીમાં, ૪.૬૦ લાખ લોકો પ્રભાવિત



(સંપૂર્ણ સમાચાર સેવા) બિહાર, તા.૬ : બિહારના સારણમાં પૂરના પાણી ધીમે ધીમે ઓસરી રહ્યા છે, પરંતુ ૬ બ્લોક અને NH-૭૨૨ હજુ પણ જળમગ્ન છે, જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આ પૂરથી લાખો લોકો પ્રભાવિત થયા છે અને હજારો લોકોએ સ્થળાંતર કર્યું છે. પૂરથી ઘેરાયેલા બિહારના છપરા,સારણ જિલ્લામાં જળસ્તર ધીમે ધીમે ઘટી રહ્યું છે. જોકે હજુ પણ ૬ થી વધુ બ્લોકમાં પૂરના કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત છે. આ પૂરના કારણે મકેરમાં એનએચ-૭૨૨ મુઝફ્ફરપુર-છપરા હાઈવે પર હજુ પણ લગભગ અડધો ફૂટ પાણી ભરાયેલા છે. તો બીજી તરફ અનેક ગામોના રસ્તાઓ ધોવાઈ ગયા છે, અને ડઝનબંધ ઘરો જમીનદોસ્ત થઈ ચૂક્યા છે. જિલ્લા વહીવટીતંત્રના અહેવાલ મુજબ કેટલાક વિસ્તારોમાં પૂરના પાણી ઓસર્યા પણ છે.

આ તમામ વિસ્તારોમાં ચેપ અને રોગચાળો ફેલાતો અટકાવવા માટે બ્લીચિંગ પાવડરનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા અનુસાર, જિલ્લાના ૬ બ્લોકની ૪૨ પંચાયતોના ૨૩૬ ગામો હજુ પણ પૂરથી પ્રભાવિત છે. આ વિસ્તારોમાં રાહત, બચાવ, આરોગ્ય, પીવાનું પાણી, પશુ ચિકિત્સા અને અનાજ પુરવઠા સહિતની આવશ્યક સેવાઓ સતત ચલાવવામાં આવી રહી છે. એક અંદાજ મુજબ આ પૂરથી આશરે ૪ લાખ ૬૦ હજાર ૯૬૩ ની વસ્તી અને ૧ લાખ ૪ હજાર ૪૩ પરિવારો પ્રભાવિત થયા છે.

પૂરના કારણે લગભગ ૭૪,૭૩૭ લોકોએ સ્થળાંતર કર્યું છે. આ તમામ લોકો પ્રભાવિત વિસ્તારોમાંથી નીકળીને સુરક્ષિત સ્થળોએ રહી રહ્યા છે. જે લોકો રાહત અને બચાવ છાવણીઓમાં રહી રહ્યા છે.

## હોર્મુઝમાં ફરી વેપારી જહાજ પર પ્રોજેક્ટાઈલથી હુમલો થયો

(સંપૂર્ણ સમાચાર સેવા)

કીવ, તા.૬ : હોર્મુઝ જળમાર્ગ અને તેની આસપાસના દરિયાઈ વિસ્તારમાં વેપારી જહાજોની સુરક્ષાને લઈને ચિંતા ફરી વધી છે. ઓમાનના દરિયાકાંઠા નજીક મંગળવારે પનામાનો ધ્વજ ધરાવતા એક કોમર્શિયલ જહાજ પર પ્રોજેક્ટાઈલ વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલામાં જહાજના ૧૨ ક્રૂ સભ્યો ઘાયલ થયા છે, જેમાં ૧૧ ભારતીય નાવિકોનો સમાવેશ થાય છે. આ ઘટનાની ભારત સરકારે સખત શબ્દોમાં નિંદા કરી છે અને સંવેદનશીલ જળમાર્ગોમાં વેપારી જહાજો તથા નાવિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવાની અપીલ કરી છે.ભારતીય વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, જહાજ હોર્મુઝ જળમાર્ગમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેના પર પ્રોજેક્ટાઈલથી હુમલો કરવામાં આવ્યો. જહાજમાં કુલ ૧૯ ક્રૂ સભ્યો હતા, જેમાં ૧૭ ભારતીય નાગરિકો હતા. હુમલા બાદ ઓમાનના સુરક્ષા અધિકારીઓએ તાત્કાલિક કાર્યવાહી કરીને ઘાયલ ક્રૂ સભ્યોને જહાજમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ઘાયલોને ઓમાનના ખસાબ શહેરમાં લઈ જવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. ભારત સરકાર સમગ્ર ઘટનાક્રમ પર નજર રાખી રહી છે અને ઘાયલ ભારતીય નાવિકોને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ભારતીય વિદેશ મંત્રાલયે વેપારી જહાજ પર થયેલા હુમલા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ભારતે આવા હુમલાઓને રોકવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે અને ઓમાનના અધિકારીઓનો ભારતીય નાવિકોને બચાવવા તથા તાત્કાલિક સારવાર પૂરી પાડવા બદલ આભાર માન્યો છે.

ભારતે સ્પષ્ટ કર્યું છે કે વેપારી જહાજો, નાવિકો અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવું ગંભીર બાબત છે. આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં વેપાર અને સામાન્ય અવરજવર કોઈપણ પ્રકારના અવરોધ વિના ચાલુ રહે તે માટે ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા જાળવવી જરૂરી છે.

હોર્મુઝ જળમાર્ગ અને તેની આસપાસના વિસ્તારમાં તાજેતરના સમયમાં વેપારી જહાજો સામે હુમલાની ઘટનાઓ વધી રહી હોવાના અહેવાલો છે. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં આ દરિયાઈ વિસ્તારમાં ઓછામાં ઓછા સાત ટેક્રરોને નિશાન બનાવવામાં આવ્યા હોવાના મીડિયા અહેવાલો સામે આવ્યા છે. અગાઉ જુલાઈમાં પણ ઈરાનની ક્રૂઝ મિસાઈલ દ્વારા બે ટેક્રરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ ઘટનામાં એક ભારતીય ક્રૂ સભ્યનું મૃત્યુ થયું હતું અને અન્ય ૧૦ લોકો ઘાયલ થયા હતા. આવી ઘટનાઓને કારણે આંતરરાષ્ટ્રીય શિપિંગ કંપનીઓ અને નાવિકોની સુરક્ષા અંગે ચિંતા વધી છે.

## અમેરિકામાં ઓરીનો પ્રકોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ન્યૂયોર્ક, તા.૬ : ન્યૂયોર્કના ગવર્નર કેથી હોચુલે સોમવારે રાજ્યમાં ઓરી ના વધતા જતા કેસોને ધ્યાનમાં રાખીને સમગ્ર રાજ્યમાં ઈમરજન્સી જાહેર કરી છે. વર્ષ ૨૦૨૫થી ઓરીના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે યુએસ (US) ના કોઈપણ રાજ્ય દ્વારા આ પ્રકારની કટોકટી જાહેર કરવામાં આવી હોય તેવી આ પહેલી ઘટના છે.

ગ્રામીણ વિસ્તારોમાં વધી રહેલા કેસોને રોકવા માટે રાજ્ય સરકારે MMR (મીઝલ્સ-મમ્પ્સ-રુબેલા) રસી આપવા માટે અધિકૃત આરોગ્ય વ્યાવસાયિકોના દાયરાને પણ વિસ્તૃત કર્યો છે.

સત્તાવાર આદેશ અનુસાર, ન્યૂયોર્કમાં આ વર્ષે ૩ ઓક્ટોબર સુધીમાં ઓરીના કુલ ૧૦૮ કેસ નોંધાયા છે, જેમાંથી ૧૮ કાઉન્ટીના ઓછા રસીકરણ વાળા ગ્રામીણ વિસ્તારોમાં ૧૫ જુલાઈ પછી ૯૨ કેસ સામે આવ્યા છે. આ કેસો સામાન્ય વાર્ષિક સરેરાશ કરતા ઘણા વધારે છે. આમાંથી ૭ કેસ ન્યૂયોર્ક સિટીમાં અને ૧૦૧ કેસ રાજ્યના અન્ય વિસ્તારોમાં નોંધાયા છે. સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા ૧૫ જુલાઈથી ગ્રામીણ વિસ્તારોમાં ૧,૦૦૦ થી વધુ MMR રસીના ડોઝ આપવામાં આવ્યા છે.

ગવર્નરે જણાવ્યું હતું કે, "રસી દ્વારા રોકી શકાય તેવા રોગથી કોઈ પણ વ્યક્તિ ગંભીર રીતે બીમાર ન પડવી જોઈએ કે તેનું મૃત્યુ ન થવું જોઈએ." પડોશી રાજ્ય પેન્સિલવેનિયામાં પણ આ રોગ ઝડપથી ફેલાઈ રહ્યો છે, જ્યાં ૨ ઓક્ટોબર સુધીમાં ૯૭૭ કેસ અને ૫ મૃત્યુ નોંધાયા છે. પેન્સિલવેનિયામાં કુલ કેસ હવે ૧,૦૦૦ ને પાર થઈ ગયા છે. જે છેલ્લા ત્રણ દાયકામાં રાજ્યનો સૌથી મોટો ફાટી નીકળેલો પ્રકોપ છે. સીડીસી મુજબ, ૧૯૯૧ પછી આ વર્ષ અમેરિકા માટે ઓરીની દ્રષ્ટિએ સૌથી ખરાબ વર્ષ સાબિત થઈ રહ્યું છે, જેમાં દેશભરમાં લગભગ ૩,૯૦૦ કેસ નોંધાયા છે.

## ભાજપે રાજ્યસભાની ચૂંટણી માટે યુપીમાં ૮ ઉમેદવારો જાહેર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

લખનૌ, તા.૬ : ભાજપે ઉત્તરપ્રદેશથી રાજ્યસભાના નામાંકનોમાં કેન્દ્રીય મંત્રીઓ હરદીપ સિંહ પુરી અને બી. એલ. વર્માને બાકાત રાખીને સોમવારે આશ્ચર્યસર્જ્યુંહતું. પાર્ટીએ પોતાના કોઈ પણ વર્તમાન/નિવૃત્ત થતા સાંસદોને ફરીથી ટિકિટ આપ્યા વિના આઠ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. નવેમ્બરમાં મુદત પૂરી થાય તે પહેલાં પુરીનું નામ યાદીમાં ન હોવાને કારણે આગામી સપ્તાહોમાં કેન્દ્રીય કેબિનેટમાં ફેરબદલ થવાની અટકળોને વેગ મળવાની પૂરી શક્યતા છે. અરુણ સિંહ, સીમા દ્વિવેદી, નીરજ શેખર, બ્રિજ લાલ અને ગીતા શાક્યના નામ પણ આ યાદીમાં સમાવવામાં આવ્યા નથી.૧૬મી ઓક્ટોબરે યોજાનારી રાજ્યસભાની દ્વિવાર્ષિક ચૂંટણીમાં સ્મૃતિ ઈરાની અને હરદીપ પુરી જેવા દિગ્ગજો બાકાત રાખવામાં આવ્યા છે. આ આઠ ઉમેદવારોમાં સંગઠનથી લઈને રાજકારણના દિગ્ગજ ચહેરાઓનો સમાવેશ કરાયો છે. યુપી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને સામાજિક સમીકરણો પણ ધ્યાનમાં રખાયા છે.

ભાજપે યુપીમાંથી જે આઠ નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે તેમાં ઓબીસી સમુદાયમાંથી ધર્મપાલ સિંહ (રાજ્ય સરકારમાં કેબિનેટ મંત્રી), આરએસએસ સાથે જોડાયેલા રાધાકાંત ઓઝા (અલ્હાબાદ હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ), ઓબીસી સમુદાયના પ્રકાશ પાલ (ભાજપના કાનપુર-બુંદેલખંડ ક્ષેત્રના અધ્યક્ષ), દલિત સમુદાય(ખટિક)ના વરિષ્ઠ આગેવાન વિદ્યાસાગર સોનકર (પૂર્વ સાંસદ અને એમએલસી), બ્રાહ્મણ સમુદાયમાંથી ગોપી કૃષ્ણા પાંડે (કિસાન મોરચાના સભ્ય), દલિત(પાસી) સમુદાયના પ્રમુખ મહિલા અગ્રણી પ્રિયંકા સિંહ રાવત (બારાબંકીના પૂર્વ સાંસદ), ઠાકુર સમુદાયના જાણીતા નેતા રામ પ્રતાપ સિંહ ચોહાણ (પ્રદેશ મહામંત્રી અને પૂર્વ ધારાસભ્ય) તથા ઓબીસી(કુર્મી) સમુદાયમાંથી શ્રુતિ ગંગવાર (સંતોષ ગંગવારની પુત્રી)નો સમાવેશ થાય છે.ભાજપની આ યાદીમાં અનુભવી અને નવા બંને પ્રકારના ચહેરાઓ છે. ધર્મપાલ સિંહ, પ્રિયંકા સિંહ રાવત અને વિદ્યાસાગર સોનકર લાંબા સમયથી સક્રિય રાજકારણ અને ચૂંટણી લડવાના અનુભવ સાથે જોડાયેલા છે. જ્યારે શ્રુતિ ગંગવાર, રાધાકાંત ઓઝા અને ગોપી કૃષ્ણા પાંડે જેવા ચહેરાઓ સંગઠન, વકીલ તરીકે કે પક્ષની સક્રિય ભૂમિકા દ્વારા મોરચો સંભાળી રહ્યા છે.

## સાઉદી અરેબિયાની રક્ષા કરવા તૂર્કીયે-પાકિસ્તાન મેદાને

(સંપૂર્ણ સમાચાર સેવા) **રિયાધ**, તા.૬ : રિયાધમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય કટોકટી બેઠક બાદ પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તૂર્કિયેએ હૂતી હુમલાઓના સખત જવાબમાં મક્કા રક્ષા કરાર હેઠળ સામૂહિક રક્ષા જવાબદારી તાત્કાલિક લાગુ કરવા પર સહમતિ દર્શાવી છે. આ મહત્વપૂર્ણ નિર્ણય બાદ નક્કી કરાયેલા લશ્કરી દળોની સાઉદી અરેબિયામાં વ્યાપક તૈનાતી, સહિયારી સુરક્ષા વ્યવસ્થા અને ઉભરતા જોખમો સામે નિવારક તૈયારીઓ પર વિશેષ ભાર મૂકવામાં આવશે. ત્રણેય દેશોએ સુરક્ષાને લઈને આક્રમક વલણ અપનાવ્યું છે.પાકિસ્તાન, સાઉદી અરેબિયા અને તૂર્કિયેએ ગત ઓગસ્ટ મહિનામાં જ મક્કા જોઈન્ટ ડિફેન્સ એગ્રીમેન્ટ પર ઐતિહાસિક હસ્તાક્ષર કર્યા હતા. આ કરારની શરતો મુજબ ત્રણેય દેશોમાંથી કોઈપણ એક દેશ પર સશસ્ત્ર હુમલો થવાની સ્થિતિને તમામ ત્રણેય દેશો પર થયેલો હુમલો ગણવામાં આવશે. હવે હૂતી જૂથના હુમલાઓ વચ્ચે આ કરારને સક્રિય કરવાથી ત્રણેય દેશો વચ્ચે લશ્કરી સહયોગ અને વ્યૂહાત્મક ભાગીદારીનું સ્તર અભૂતપૂર્વ રીતે વધવાની વાત સામે આવી છે.સાઉદી રક્ષા મંત્રી ખાલિદ બિન સલમાને સોશિયલ મીડિયા પર સત્તાવાર પોસ્ટ શેર કરતા જણાવ્યું કે ગઠબંધનની રૂપરેખા હેઠળ સામૂહિક નિવારક પગલાં (કલેક્ટિવ ડિટરન્સ મેજર્સ) તાત્કાલિક સક્રિય કરવામાં આવ્યા છે. આ મોટો નિર્ણય યમનના ઈરાન સમર્થિત હૂતી જૂથ દ્વારા કરવામાં આવેલા હુમલાઓ અને તેના માટે જવાબદાર તત્વોના સંદર્ભમાં લેવામાં આવ્યો છે.

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઈમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Wednesday 07, October 2026

# દમણગંગા ટાઈમ્સ

દમણગંગા ટાઈમ્સ
ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## સરહદી ગામો માટે વાપી ડેપોથી બિરસા મુંડા બસ શરૂ કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૬ :** વલસાડ વિભાગીય પ્રયોજન અધિકારીના માર્ગદર્શન હેઠળ અને વિભાગીય નિયામક માત્રોજાના સૂચનથી વાપી એસટી ડેપો દ્વારા સરહદી ગામોને પરિવહન સુવિધા પૂરી પાડવા માટે મહત્વનું પગલું ભરાયું છે.

બોર્ડર વિલેજના ગામડાઓ અને શાળાએ જતા વિદ્યાર્થીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આજરોજ વાપીથી વલવાડા, અચ્છારી, બોરીગામ, કચીગામ સુધી બિરસા મુંડા એસટી બસ સેવા શરૂ કરવામાં આવી છે.

આ નવી બસ સેવાથી બોરીગામ-કચીગામના આશરે ૪૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને સીધો લાભ મળશે. અત્યાર સુધી પરિવહનના અભાવે વિદ્યાર્થીઓને શાળાએ આવવા-જવામાં ભારે હાલાકી પડતી હતી, જેનો હવે અંત આવશે. આજરોજ બોરીગામ પ્રાથમિક શાળાના આચાર્ય છયાબેન લાડ, વાપી ડેપોના આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેક્ટર ધનસુખ પટેલ અને બોરીગામના સરપંચ અશોકભાઈ પટેલ દ્વારા લીલી ઝંડી આપી બસને પ્રસ્થાન કરાવવામાં આવી હતી.

## અબ્રામાના સગીરનો ટ્રેન આગળ પડતું મુકી આપઘાત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા.૦૬ :** વલસાડના અબ્રામા રામનગરમાં રહેતો અને ધોરણ ૧૧ માં ભણતો ૧૭ વર્ષીય સગીર યુવકે આજરોજ વલસાડ રેલવે સ્ટેશન પાસે ટ્રેન આગળ પડતું મૂકી આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર સાથે શોખની કાલી મા ફેલાઈ ગઈ છે.

વલસાડ શહેરના અબ્રામા રામનગરમાં સોહીલ દીપકભાઈ ઠાકુર ઉં. વ. ૧૭ રહે છે. સોહીલ ઠાકુર વલસાડ શહેરની શાળામાં ધોરણ ૧૧ કોમર્સમાં અભ્યાસ કરે છે. આજ રોજ સવારે ૧૧ કલાકે પોતાની બાઈક નંબર જીજે ૧૫/ઈ. એ./ ૭૦ ૪૫ ને લઈ ને ઘરેથી નીકળ્યો હતો અને આ બાઈક વલસાડ રેલવે સ્ટેશન પર આવેલા જવાહર ધક્કા પાસે પાર્ક કરી સોહિલ ઠાકુર સામેથી આવતી ટ્રેન આગળ પડતું મૂકી આત્મહત્યા કરી લેતા વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે ઘટનાની જાણ થતા પરિવાર પર આભ તૂટી પડ્યો હતો. યુવક સોહીલ ના મૃતદેહને જાણીતા એમ્બ્યુલન્સ ચાલક સાગરભાઈએ તેનો કબજો લઈ વલસાડ સિવિલ હોસ્પિટલમાં પી. એમ. માટે લઈ જવામાં આવી હતી. જે અંગે રેલ્વે પોલીસે આગળથી તપાસ શરૂ કરી છે.

## ઉમરગામ ટાઉનમાં જુગાર રમતા ૬ રોકડ સાથે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા.૦૬ :** ઉમરગામ ટાઉન વિસ્તારમાં જુગાર રમતા છ ઈસમોને ઉમરગામ પોલીસે ઝડપી પાડી તેમની પાસેથી રોકડ રકમ તથા ચાર મોબાઈલ સહિત કુલ રૂ.૮૨,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.




પોલીસ મહાનિરીક્ષક પ્રેમ વીર સિંહ તથા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચના અને વાપી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક બી.એન. દવેના માર્ગદર્શન હેઠળ ઉમરગામ પોલીસ ઈન્સ્પેક્ટર એચ.ડી. તુવરની સૂચના મુજબ સર્વેલન્સ સ્કોડ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન મળેલી બાતમીના આધારે ઉમરગામ ટાઉન વિસ્તારમાં જુગાર અંગે રેડ કરવામાં આવી હતી.

રેડ દરમિયાન પત્તા-પાના સાથે જુગાર રમતા છ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૩૦,૨૦૦ તથા ચાર મોબાઈલ ફોન કિંમત રૂ.૫૨,૦૦૦, મળી કુલ રૂ.૮૨,૨૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પકડાયેલા ઈસમોમાં ધર્મેશભાઈ વસંતભાઈ પટેલ, મિતેશભાઈ મનોજભાઈ ટંડેલ, હેમંતભાઈ સીતારામભાઈ માછી, ભાવિનભાઈ મહેન્દ્રભાઈ માછી, સાઝીદ તાઝુદીન ચારણીયા અને કેવિનભાઈ દામોદરભાઈ માછીનો સમાવેશ થાય છે. આ અંગે ઉમરગામ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ડુંગરામાં બળાત્કાર કેસનો આરોપી મહારાષ્ટ્રથી ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૬ :** ડુંગરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગંભીર બળાત્કારના ગુનામાં સંડોવાયેલા આરોપીને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે મહારાષ્ટ્રના જલગાંવથી ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે.

ગત તા. ૨૮/૦૯/૨૦૨૬ ના રોજ ફરિયાદી

એ ડુંગરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી કે, આરોપીઓએ તેની સાથે ઝોર જુલ્મ કરી આબરૂ લેવાના ઈરાદે જબરજસ્તીથી મુંબઈ બોલાવી અલગ અલગ પ્રકારની વ્હિસ્કી અને ડ્રગ્સનું સેવન કરાવી બેભાન અવસ્થામાં મૂકી બળાત્કાર ગુજાર્યો હતો અને તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી હતી. આ અંગે ડુંગરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો.

આ ગંભીર ગુનામાં આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવા વલસાડ જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજા (IPS) ની સૂચના અને LCBના પો.ઈન્સ. એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ. જે.જી.પરમારની ટીમે ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરી હતી.તપાસ દરમિયાન ફોર્ચ્યુનર કારના ચાલક અંગે માહિતી મળતા તેનું નામ શકીલ સફી શેખ (ઉં.૩૫, રહે. ફૂલવાડી

ભરીમાતા રોડ, મદીના મસ્જિદ સામે, વરીયાળી બજાર, સુરત) હોવાનું ખૂલ્યું હતું.

LCBની ટીમ વર્કઆઉટમાં હતી ત્યારે મળેલી ખાનગી બાતમીના આધારે આરોપીને રાવેર, જલગાંવ, મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડી વધુ તપાસ અર્થે ડુંગરા પોલીસને સોંપવામાં આવ્યો છે.

## જૂની અદાવતમાં ચપ્પુથી હુમલાના બનાવમાં છરીનાં યુવકનું ૪ દિવસ બાદ મોત, હત્યાનો ગુનો નોંધાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૬ :** વાપીના છીરી, રામનગર વિસ્તારમાં જૂની બોલાચાલીની અદાવતમાં યુવક પર ચપ્પુ વડે કરાયેલા જીવલેણ હુમલામાં ઈજાગ્રસ્તનું ૪ દિવસની સારવાર બાદ મોત નીપજતા ચકચાર મચી છે.

ફરિયાદી જિતેન્દ્રકુમાર બબલુ શાહ (ઉં.૩૩) એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ વાપી જીઆઈડીસીની એન આર અગ્રવાલ પેપર કંપનીમાં હેલ્પર છે. તેમની સાથે સુપરવાઈઝર ઉમેશકુમાર મહાદેવ યાદવ પણ નોકરી કરે છે. તા.૦૧/૧૦/૨૦૨૬ ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે બાજુમાં રહેતો બ્રિજેશ મહેન્દ્ર દિવાકર જૂની અદાવત રાખી ઉમેશ સાથે ઝઘડો કરવા લાગ્યો હતો.

સાંજે ૬ વાગ્યે બ્રિજેશ ચપ્પુ લઈને આવી તું મારી સાથે ઝઘડો કરે છે, આજે તને મારી જ નાખીશે કહી ઉમેશના પેટ અને છાતીના ભાગે ૫-૬ ઘા માર્યા હતા. ગંભીર ઈજાથી લોહી વહેતા ૧૦૮ ન આવતા તેને રીક્ષામાં હરિયા હોસ્પિટલ ખસેડાયો હતો.

સારવાર દરમિયાન ઉમેશ યાદવનું ૪ દિવસ બાદ મોત નીપજતા વાપી ટાઉન પોલીસે અગાઉ નોંધાયેલા હત્યાના પ્રયાસના ગુનામાં હવે હત્યાની કલમનો ઉમેરો કરી આરોપી સામે કાર્યવાહી હાથ ધરી છે.

## દમણમાં આંગણ ઉત્સવ અંતર્ગત આંગણવાડી બહેનોનું સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**દમણ, તા.૦૬ :** દમણમાં આંગણ ઉત્સવ અંતર્ગત દમણ નગરપાલિકા દ્વારા આંગણવાડી બહેનોના સન્માન માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દમણ નગરપાલિકાના વોર્ડ નંબર ૧૫ના ખારીવાડ ખાતે આવેલી આંગણવાડીમાં યોજાયેલા કાર્યક્રમમાં બાળકોના પોષણ, શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે નિષ્ઠાપૂર્વક કામગીરી કરતી આંગણવાડી બહેનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આંગણવાડી બહેનો દ્વારા બાળકોના વિકાસ માટે કરવામાં આવતી વિવિધ સેવાઓ અને કામગીરીને બિરદાવવામાં આવી હતી.



ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડી બહેનોને તેમના સેવાભાવી કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમમાં દમણ નગરપાલિકાના કાઉન્સિલર અસ્પી દમણિયા, ફિરદૌસબેન, તમન્નાબેન ખોજા અને પૂર્વ કાઉન્સિલર જસ્સીકોર સહિત આંગણવાડી બહેનો, બાળકો તથા વાલીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સર્વાંગી વિકાસ માટે સૌએ સાથે મળીને કાર્ય કરવાનો અનુરોધ કરવામાં આવ્યો હતો.

## ખૂંધ ગામે પરિણીતએ ઝેર પી લેતા સારવાર દરમિયાન મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૦૬ :** ચીખલી તાલુકાના ખૂંધ ગામે રહેતી એક પરણીત યુવતીએ કોઈ અગમ્ય કારણોસર દવા પી લેતા જેનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાવા પામ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી તાલુકાના ખૂંધ ગામે આવેલ કૈલાશ નગર સોસાયટીમાં રહેતા હિતેશ પોપટલાલ પ્રજાપતિ ની પત્ની નીલમ કુમારી પ્રજાપતિ ઉ.વ. ૨૮ જેણે આજરોજ સવારના ૧૦ વાગ્યા પહેલા હર કોઈ વખતે કોઈ અગમ્ય કારણોસર ઘરમાં રાખેલ સેલફોસ (અનાજ) માં નાખવાની દવા પોતાની જાતે પી જતા જેને પ્રાથમિક સારવાર ચીખલીની ખાનગી હોસ્પિટલમાં આપ્યા બાદ વધુ સારવાર અર્થે નવસારી હોસ્પિટલમાં લઈ જતા સારવાર દરમિયાન નીલમ પ્રજાપતિનું મોત નીપજ્યું હોવાનો બનાવ ચીખલી પોલીસ મથકે નોંધાતા બનાવની વધુ તપાસ ચીખલી સબ ડિવિઝન પોલીસના ડિ.વાય.એસ.પી એ આગળની તપાસ હાથ ધરી છે.

## દેવધા ડેમમાં ૬.૪૫ એમસીએમ પાણી સંગ્રહ : ૨૯ ગામોની તરસ છીપાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા, તા.૦૬ :** ગણદેવી તાલુકામાં ૮૭.૧૨ ઈંચ (૨૧૭૮ મીમી) વરસાદ બાદ ચોમાસાઋતુ ની વિદાય થઈ છે. ત્યારે ગણદેવી તાલુકાની જીવાદોરી સમાન દેવધા ડેમ ઉપર ૪૦ દરવાજા મંગળવારે ફિટ (બંધ) કરાયા હતા. જેને પગલે નવરાત્રી ટાણે ૬.૪૫ એમસીએમ (મિલિયન ક્યુબીક મીટર) જેટલો વિશાળ જળભંડાર સંગ્રહિત થશે જેનાં થકી ૨૯ ગામો ની ૩૦૧૦.૮ હેકટર (૭૪૪૦ એકર) જમીન માં સિંચાઈ સુલભ બનશે.

બીલીમોરા નજીક દેવધા ગામે અંબિકા નદી ઉપર વર્ષ ૨૦૦૨માં ૧૯ કરોડના ખર્ચે દેવધાડેમ દેવ સરોવર પરીયોજના સાકાર થઈ હતી. ૫૦૦મીટર લાંબા અને પાંચ મીટર પહોળા ડેમમાં ૧ એક મીટર ઊંચા અને ૪ મીટર પહોળા ૪૦ દરવાજાઓ છે.

જે થકી ડેમની અપસ્ટ્રિમમાં ૬.૪૫ (એમસીએમ) મિલિયન ક્યુબિક મીટર જેટલો વિશાળ



ભંડાર એકત્ર કરી શકાય છે. પરીણામે ડેમના કેચમેન્ટ વિસ્તારમાં વિશાળ જળસંગ્રહથી તાલુકાના ખેતી, ઉદ્યોગ સહિત પીવાના પાણીની સમસ્યા હલ થશે. ડેમના કેચમેન્ટ વિસ્તારની વેંગણિયા અને પનિહારી નદીઓ માં જળસ્તર વધશે. પરીણામે બંધારા પુલ ધોબીઘાટ પણ ફરી સજીવન બનશે.

ડેમને પગલે શ્રમજીવીઓ વર્ષભર મચ્છી પકડી કમાણી કરશે. ગણદેવી ડ્રેનેજ વિભાગ અધિકારી પ્રિયાંક પટેલ અને પ્રિયાંક ભોયા તેમજ સ્ટાફે વહેલી સવાર થી મોડી સાંજ સુધી દરવાજા ી કામગીરી પાર પાડી હતી. ગણદેવી નગરપાલિકા, બીલીમોરા નગરપાલિકા અને દેવધા કરોડ જૂથ પાણી પુરવઠા યોજના પણ દેવધા ડેમ આધારિત છે.તાલુકા નાં ૨૯ જેટલા ગામોમાં વર્ષભર પાણીની તકલીફોનો અંત આવશે. ડેમની અપ સ્ટ્રીમમાં નવસારી નાં બોરીયાચ ટોલથી બે -ત્રણ કીમી દૂર સુધી જળસંગ્રહ થાય છે.

## કુંડી ઓવરબ્રિજ પર ટ્રક પલટી જતા ક્લીનરનું મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૦૬ :** વલસાડ ના નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલા કુંડી ઓવરબ્રિજ ઉપર સુરતથી વાપી તરફ જઈ રહેલી એક ટ્રક પલટી મારી જતાં ટ્રકની કેબિન નીચે દબાઈ ગયેલા રાજસ્થાન ક્લિનરનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. રાજસ્થાનના અજમેર જિલ્લાના નિમેડા ગામના રહેવાસી કાલુરામ મિશ્રીલાલ જાટ (ઉં.વ. ૩૦) ટ્રક નંબર.RJ-09-GE-8566 માં ભિવાડીથી ટાવર ક્રેનનો લોખંડનો સામાન ભરીને મુંબઈ જવા નીકળ્યા હતા. ગત તા. ૫ ઓક્ટોબરના રોજ રાત્રિના આશરે ૯ વાગ્યે ડુંગરી નજીક કુંડી ઓવરબ્રિજ પરથી પસાર થતી વખતે ચાલક મહેન્દ્ર સુવાલાલ ગુર્જરે ટ્રકને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને પલટી મરાવી દીધી હતી. ટ્રક પલટી જતાં ક્લીનર તરીકે સાથે રહેલા કાલુરામ જાટ કેબિન નીચે દબાઈ ગયો અને તેને શરીરે ગંભીર ઈજાઓ થવાથી તેમનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માતમાં ઈજાગ્રસ્ત બનેલા ટ્રક ચાલકને ૧૦૮ મારફતે વલસાડ સિવિલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ ઘટના અંગે મૃતકના ભાઈ કાનુરામ મિશ્રીલાલ જાટે ડુંગરી પોલીસ મથકે ટ્રક ચાલક મહેન્દ્ર ગુર્જર વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો નોંધાવતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## વલસાડ રૂરલ દારૂ કેસના વોન્ટેડ ૪ આરોપી ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૦૬ :** વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા ૪ વોન્ટેડ આરોપીઓને વલસાડ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડી છે.

LCB PI એ.યુ.રોઝના માર્ગદર્શન હેઠળ PSI જે.જે.વસાવા અને સ્ટાફ એ વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં દારૂના ગુનાના વોન્ટેડ આરોપી પંકજભાઈ અંબુભાઈ દબાડીયા, કમલેશ મદનભાઈ કોળી, પટેલ, નરેન્દ્રભાઈ લાલુભાઈ ધોડી, વિજય ઉર્ફે બોડીયો મહેશભાઈ ધોડીને ઝડપી પાડી વધુ તપાસ અર્થે વલસાડ રૂરલ પોલીસને સોંપવામાં આવ્યા છે.

## ચીખલીના શિયાડા ગામે જાહેર રોડ ઉપર રાત્રે દિપડાની લટાર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૦૬ :** ચીખલી તાલુકાના શિયાડા ગામે છેલ્લા બે ત્રણ દિવસથી રાત્રિના સમયે જાહેર રોડ ઉપરથી પસાર થતા વાહન ચાલકો પાછળ દિપડો તરાપ મારતો હોવાની ઘટના કેટલાક વાહન ચાલકો જણાવી રહ્યા છે.

**આલીપોર અને રાનકુવા ગામે દિપડો લોકોની નજરે પડતાં ચીખલી વન વિભાગની પાંજરું મૂકવાની તજવીજ**

ચીખલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અવર નવર દિપડો લોકોને પરેશાન કરતો હોય જેના કારણે લોકોમાં ભયનો માહોલ જોવા મળતો હોય છે ત્યારે ચીખલી તાલુકાના શિયાડા ગામે છેલ્લા બે ત્રણ દિવસથી રાત્રિના સમયે જાહેર રોડ ઉપરથી પસાર થતાં વાહન ચાલકો પાછળ દિપડો દોડતો હોવાનું વાહન ચાલકો જણાવી રહ્યા છે જોકે કેટલાક વાહન ચાલકો ભયના કારણે વાહન ઉપરથી પડી ગયા હોવાના બનાવો પણ બન્યા છે. જોકે હજુ સુધી દીપડાએ કોઈ વાહન ચાલકને જાનહાનિ પહોંચાડી નથી પરંતુ વાહન ચાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે એટલું જ નહીં પરંતુ આલીપોર વસુધારા ડેરીની પાછળના ભાગે પણ દિપડો લોકોની નજરે જોવા મળ્યો હતો જ્યારે રાનકુવા ગામે ડેન્સાની પાછળના ભાગે પણ દિપડો લોકોની નજરે જોવા મળતા આ બંને જગ્યા ઉપર ચીખલી વન વિભાગ દ્વારા પાંજરું મૂકી દીપડાને પકડવાની તજવીજ હાથ ધરી છે.

## ચીખલીમાં ૩ માસમાં પકડાયેલ ૧.૮ કરોડનો દારૂ નાશ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ચીખલી, તા.૦૬ :** ચીખલી પોલીસ મથક નેશનલ હાઈવે નંબર ૪૮ ને અડીને આવેલ હોય ત્યારે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપરથી અવર નવર દારૂ ભરેલા વાહનો અલગ અલગ એજન્સીઓ દ્વારા પકડવામાં આવતા હોય છે ત્યારે ચીખલી પોલીસે ત્રણ મહિના દરમિયાન પકડાયેલ દારૂ નો નાશ કરાતા કુલ્લે ૪૦.૨૪૨ નંગ બાટલી જેની અંદાજિત કિંમત રૂપિયા ૧.૦૮.૮૯.૪૩૫ નો મુદ્દા માલ નાશ કરવામાં આવ્યો છે.

ચીખલી પોલીસ મથકમાં અલગ અલગ એજન્સીઓ દ્વારા દારૂ ભરેલા વાહનો પકડી લાવી ચીખલી પોલીસ મથકમાં જમા કરાવતા હોય છે ત્યારે ચીખલી પોલીસ મથકમાં તારીખ ૨૨. ૬. ૨૦૨૬ થી તારીખ ૨૬. ૯. ૨૬ દરમિયાન કુલ ૮૯ કેશો અલગ અલગ એજન્સીઓ દ્વારા કરવામાં આવ્યા હતા જે દારૂનો નાશ કરવા માટે ચીખલી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ ચીખલી દ્વારા પરમિશન આપવામાં આવતા ચીખલી પોલીસે કુલ ૪૦.૨૪૨ નંગ વિસ્કી તથા ટીન બિયરની બાટલીઓ જેની અંદાજિત કિંમત રૂપિયા ૧.૦૮.૮૯.૪૩૫ નો મુદ્દા માલ સંબંધીત અધિકારીઓની હાજરી વચ્ચે નાશ કરવામાં આવ્યો છે.

## રાંધા અને ખાનવેલમાં પ્રશાસન આપના દ્વારે કેમ્પ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સેલવાસ, તા.૦૬ :** દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલભાઈ પટેલના નેતૃત્વ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનો લાભ પાત્ર લાભાર્થીઓ સુધી પહોંચાડવાના હેતુથી 'સેવા સેતુ કેમ્પ' અંતર્ગત 'પ્રશાસન આપના દ્વારે' વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ અંતર્ગત મંગળવારે, ૬ ઓક્ટોબરે રાંધા અને ખાનવેલ ગ્રામ પંચાયતો ખાતે સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા સુધી વિશેષ કેમ્પ યોજાયો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ નિશા ભવાર, નિવાસી નાયબ કલેક્ટર અમિત કુમાર તેમજ વિકાસ અને આયોજન અધિકારી પંકજ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. અધિકારીઓએ ગ્રામજનો સાથે સંવાદ કરી વિવિધ



સરકારી યોજનાઓ અંગે માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું.

કેમ્પ દરમિયાન નાગરિકો તથા પાત્ર લાભાર્થીઓના અરજી ફોર્મ ભરાવી નોંધણી કરવામાં આવી હતી. ઉપરાંત, લાભાર્થીઓને વિવિધ યોજનાઓનો વધુમાં વધુ લાભ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. કેમ્પમાં આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રધાનમંત્રી જનધન યોજના, પીએમ સૂર્ય ઘર, પીએમ સ્વનિધિ, વીબી-જી રામ જી, લખપતિ દીદી અને પીએમ કિસાન સન્માન નિધિ સહિતની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન અને સહાય આપવામાં આવી હતી. કેમ્પમાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગ્રામજનોએ પ્રશાસનની આ જનહિતકારી પહેલની પ્રશંસા કરતાં જણાવ્યું હતુ કે, આવા કેમ્પના માધ્યમથી સરકારી યોજનાઓની માહિતી અને સેવાઓ સીધી ગામડાં સુધી પહોંચી રહી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**